આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૭૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

dadra & nagar haveli daman & diu

सत्यमेव जयते

U.T. ADMINISTRATION OF
DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

नया भारत

NAMO HOSPITAL DAMAN

QUALITY CARE | COMPASSIONATE SERVICE | FOR A HEALTHIER TOMORROW.






SHRI NARENDRA MODI
Hon'ble Prime Minister

"हमारा स्वास्थ्य संबंधी विज़न का दायरा
केवल इलाज तक सीमित नहीं है।
यह स्वास्थ्य, वेलनेस
और समग्र कल्याण के बारे में है"

— नरेन्द्र मोदी



SHRI PRAFUL PATEL
Hon'ble Administrator,
UTs of Dadra & Nagar Haveli and Daman & Diu and Lakshadweep

STARTING FROM

12th August, 2026   Namo Hospital, Daman

SERVICES FOR THE COMMUNITY

OPD SERVICES
Consultations across specialities

EMERGENCY CARE
24x7 immediate medical support

DIAGNOSTIC SERVICES
Pathology, Radiology & Imaging

PHARMACY
Quality medicines at affordable rates

MATERNAL & CHILD CARE
Safe & specialized care for women and children

HEALTH PROGRAMS
Immunization, NCD Screening, Health Awareness

AYUSHMAN BHARAT
Cashless treatment for eligible beneficiaries

DIGITAL HEALTH SERVICES
ABDM Enabled | e-Health Services
Teleconsultation | Digital Records

Scan For Location

A NEW CHAPTER IN HEALTHCARE FOR DAMAN

ACCESSIBLE, AFFORDABLE & ADVANCED. | YOUR HEALTH, OUR RESPONSIBILITY.

PATIENT FIRST
Compassionate care with respect & dignity

SAFE & TRUSTED
Quality services in a safe environment

COMMUNITY FOCUSED
Healthcare that serves everyone

MODERN FACILITIES
Advanced technology for better outcomes

NAMO HOSPITAL, DEVKA ROAD, MARWAD, NANI DAMAN - 396210

## વાંસદાના વિવિધ ગામોને નવી એસટી બસોની ભેટ, લીલી ઝંડી અપાઈ



**વાંસદા, તા.૦૭ :** વાંસદા તાલુકાના વિવિધ ગામોમાં આજે રાજ્ય સરકાર દ્વારા નવી એસટી બસોની ફાળવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે જનપ્રતિનિધિઓ એ લીલી ઝંડી બતાવી બસોને પ્રસ્થાન કરાવ્યું અને ભાજપ પરિવારના આગેવાનો સાથે નવી બસોમાં પ્રતીકાત્મક મુસાફરી પણ કરી હતી.

આ કાર્યક્રમમાં નવસારી જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, ઉપ-મુખ અર્જુનભાઈ પટેલ, વાંસદા તાલુકા પંચાયત પ્રમુખ કૌશિકભાઈ, નવસારી જિલ્લા મહામંત્રી લોચનભાઈ, વાંસદા ભાજપ પ્રમુખ સંજયભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય ધર્મિષ્ઠાબેન પટેલ, ચેરમેન કરશનભાઈ પટેલ, હેમંત પટેલ, દીપ્તિબેન પટેલ, પિયુષભાઈ પટેલ, મહામંત્રી પ્રકાશભાઈ પટેલ, કમલભાઈ સોલંકી, તાલુકા પંચાયત સભ્ય પ્રશાંતભાઈ પટેલ, નિકેતભાઈ પટેલ, પંકજભાઈ પટેલ, ધર્મેશભાઈ પટેલ, પદુ કાકા, વિનુ પટેલ અને કિરણ પટેલ સહિત ભાજપના આગેવાનો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ગણદેવીમાં વેપારીઓને આર્થિક સહાય પેકેજ માટે બેઠક મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**ગણદેવી, તા.૦૭ :** નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ભારે વરસાદ અને પૂરના કારણે નુકસાન પામેલા નાના-મધ્યમ વેપારીઓ અને સેવાકીય એકમોના પુનઃવસન માટે રાજ્ય સરકારે મજબૂત આર્થિક પેકેજ જાહેર કર્યું છે. ચિખલી પ્રાંત અધિકારી મિતેશ પટેલની અધ્યક્ષતામાં ગુરુવારે ગણદેવી મામલતદાર કચેરી ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં કેબિન-ગલ્લાથી લઈને પાકી દુકાન ધરાવતા વેપારીઓ માટેની સહાય અંગેની વિસ્તૃત વિગતો આપવામાં આવી હતી. યોજના હેઠળ લારી-રેકડી ધારકોને રૂ.૭,૫૦૦, નાની કેબિનધારકોને રૂ.૨૫,૦૦૦, મોટી કેબિનધારકોને રૂ.૫૦,૦૦૦ અને પાકી દુકાન ધરાવતા વેપારીઓને રૂ.૧,૦૦,૦૦૦ સુધીની રોકડ સહાય પૂરી પાડવામાં આવશે, જેનો ઝડપી અમલ કરવા સ્થાનિક તંત્ર સક્રિય બન્યું છે.

જીએસટી રિટર્ન ભરતા પાકી દુકાનના વેપારીઓને રોકડ સહાય ઉપરાંત બેંક લોન પર ૩ વર્ષ માટે ૭ ટકા સુધીની વિશેષ વ્યાજ સહાયનો લાભ મળશે. આ યોજના હેઠળ ટર્નઓવરના આધારે રૂ.૨૦ લાખથી ૩૦ લાખ સુધીની લોન અને રૂ.૫ લાખથી રૂ.૧૦ લાખ સુધીની વ્યાજ સહાય મેળવી શકાશે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કરાયેલા પ્રત્યક્ષ સર્વે, ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફીને આધારે જ પારદર્શક રીતે સહાય મંજૂર કરવામા આવશે. અસરગ્રસ્ત વેપારીઓએ જરૂરી પુરાવા સાથે સંબંધિત નગરપાલિકા કે મામલતદાર કચેરી ખાતે ત્વરિત અરજી કરવાની રહેશે. બેઠકમાં મામલતદાર દિપીકાબેન રોઝ, બીલીમોરા ચીફ ઓફિસર સંદીપ પટેલ,ગણદેવી ચીફ ઓફિસર પ્રાચી દોશી, ટીડીઓ ચેતન દેસાઈ,બીલીમોરા પાલિકા પ્રમુખ મનીષ પટેલ, નાયબ મામલતદાર જિજ્ઞાસા આહીર, પીઆઈ અશ્વિન સરવૈયા સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બીલીમોરામાં મોઢ ઘાંચી સમસ્ત પંચ દ્વારા પૂરપીડિતોને આર્થિક સહાય વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૭ :** શ્રી બીલીમોરા મોઢ ઘાંચી સમસ્ત પંચ દ્વારા પૂરની પરિસ્થિતિમાં અસરગ્રસ્ત પરિવારજનોને મદદરૂપ થવા ઓરણાદાયી સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ રાહત કાર્યના આથમ તબક્કામાં ૨૦ પૂરપીડિત પરિવારોને રૂ. ૧.૭૩ લાખની આર્થિક સહાયના ચેક વિતરણ કર્યા બાદ, બીજા તબક્કામાં એલ.સી. હોલ, લીમડા ચોક ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વધુ ૨૦ પરિવારોને જીવનજરૂરી અનાજ અને રાહત સામગ્રીની કીટ અર્પણ કરવામાં આવી હતી. મુખ્ય દાતા મનોજભાઈ જરીવાલા પરિવાર, વિજયભાઈ ગાંધી, ડો. ચિંતનભાઈ ગાંધી, કલ્પેશભાઈ ગાંધી અને મિત્તલબેન ગાંધી સહિતના ઉદારચિત્ત દાતાઓના વિશિષ્ટ યોગદાનથી યોજાયેલા સેવાયજ્ઞમાં સમસ્ત પંચના આમુખ અશોકભાઈ મસાણી, મંત્રી કિશોરભાઈ ગાંધી, ખજાનચી નેવીનભાઈ મહેતા તથા મહિલા મંડળના આમુખ રાજેશ્રીબેન મસાણી સહિતના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓએ ઉપસ્થિત રહી સફળ બનાવ્યો હતો, જે સંકટ સમયે સમાજના લોકોને પગભર કરી સામાજિક એકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે.

## નવસારીમાં તા. ૯ થી ૧૭ ઓગસ્ટ સુધી ‘હર ઘર તિરંગા’ અભિયાન યોજાશે

(દમણગંગા ટાઈમ્સ)




**નવસારી, તા. ૦૭ :** ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ રાજ્ય સરકાર દ્વારા આગામી તા. ૯ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન તમામ જિલ્લાઓમાં યોજાનાર હર ઘર તિરંગા અભિયાન તેમજ તા. ૧૪ ઓગસ્ટે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસના સંવેદનશીલતા અને ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવશે. જેના આયોજન અર્થે જિલ્લા કલેક્ટર મનિષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદનમાં બેઠક યોજાઈ હતી.

જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ બેઠકમાં જણાવ્યું હતું કે, હર ઘર તિરંગા અભિયાન અને વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસના કાર્યક્રમો રાષ્ટ્રભાવના સાથે જોડાયેલા છે. તમામ વિભાગો પરસ્પર સંકલનથી કામગીરી કરે તેમજ આયોજનમાં કોઈપણ પ્રકારની ખામી ન રહે તે સુનિશ્ચિત કરવામાં આવે. તેમણે વધુમાં તમામ તાલુકા અને ગ્રામ્ય સ્તરે નાગરિકો, વિદ્યાર્થીઓ, યુવાનો, સામાજિક સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંગઠનોની વધુમાં વધુ સહભાગિતા સુનિશ્ચિત કરવા માટે વ્યાપક જનજાગૃતિ કરવાનો અનુરોધ કર્યો હતો. બેઠકમાં વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ અંતર્ગત વ્યાખ્યાન, ચર્ચા ગોષ્ઠી, પ્રદર્શન, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શનની મુલાકાત, ફિલ્મ પ્રદર્શન, my gov portal પર યોજાનારી ઓનલાઈન ક્વિઝમાં સહભાગિતા, તેમજ વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. નવસારી મહાનગરપાલિકા કમિશનરશ્રી જયેશ ઉપાધ્યાયે તા. ૧૩ ઓગસ્ટે યોજાનારી જિલ્લા કક્ષાની તિરંગા યાત્રાની રૂપરેખા, યાત્રાનો માર્ગ, વિવિધ ટુકડીઓની ભાગીદારી, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સમગ્ર આયોજન અંગે વિગતવાર માહિતી આપી હતી.

જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલે યાત્રા દરમિયાન સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા તથા કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે અંગે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા. તેમજ જિલ્લાના યુવા સાંસ્કૃતિક અધિકારી દ્વારા ૧૩ ઓગસ્ટ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન યોજાનાર વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસના પ્રદર્શન અંગે પણ વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, નવસારી મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન મુકેશ અગ્રવાલ, નવસારીના ધારાસભ્ય રાકેશ દેસાઈ, નિવાસી અધિક કલેક્ટર જે. એન. લિખિયા , જિલ્લા સંગઠન પ્રમુખ ભૂરાભાઈ શાહ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે પ્રાંત અધિકારીઓ અને તાલુકા સ્તરના અધિકારીઓ ઓનલાઈન માધ્યમથી બેઠકમાં જોડાયા હતા.

## આહવાની સરકારી કોલેજમાં ૨૦ દિવસીય ફિનિશિંગ સ્કૂલ તાલીમ સંપન્ન



(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૦૭ :** ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને રોજગારક્ષમતા વધારવાના ઉદ્દેશ્ય સાથે સરકારી વિજ્ઞાન કોલેજ, આહવા ખાતે તા. ૬ જુલાઈથી ૨૦ દિવસીય ફિનિશિંગ સ્કૂલ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં ટી.વાય.બી.એસ.સી. તથા એસ.વાય.બી.એસ.સી.ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દરમિયાન કાર્યક્રમના મુખ્ય ટ્રેનર પિંકલ પટેલ દ્વારા વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષા આત્યે આત્મવિશ્વાસ વિકસે તે માટે અસરકારક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે કમ્યુનિકેશન સ્કિલ, સોફ્ટ સ્કિલ્સ, વ્યક્તિત્વ વિકાસ અને રોજગાર માટે જરૂરી કૌશલ્યો અંગે પણ વ્યવહારુ તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન વિવિધ પ્રેરણાત્મક પ્રવૃત્તિઓ, સમૂહ ચર્ચાઓ, પ્રાયોગિક સત્રો અને સંવાદ આધારિત અભ્યાસક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, નેતૃત્વ ગુણો અને વ્યક્તિત્વ વિકાસને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. સરકારી વિજ્ઞાન કોલેજ, આહવાના પ્રિન્સીપાલ ડો.એ.જી.ધારિયાએ જણાવ્યું હતું કે આવા તાલીમ કાર્યક્રમો વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ તેમજ રોજગાર ક્ષેત્રે સફળતા મેળવવા માટે મહત્વપૂર્ણ સાબિત થાય છે અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમોનું સતત આયોજન કરવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમનું આયોજન, સંચાલન કો ઓર્ડીનેટર અમી પટેલ દ્વારા કરવામા આવ્યું હતું.

## બીલીમોરા બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં શપથ ગ્રહણ સમારોહ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)




**બીલીમોરા, તા. ૦૭ :** બીલીમોરા સ્થિત બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગુરુવારે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિદ્યાર્થી પરિષદના શપથ ગ્રહણ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદનાથી શરૂ થયેલા કાર્યક્રમમાં શાળાના આચાર્યા રૂપાલી દેસાઈ, પ્રમુખ ડૉ. સૂર્યકાંત પટેલ તથા શિક્ષકોના હસ્તે હેડ બોય, હેડ ગર્લ, હાઉસ કેપ્ટન, વાઈસ કેપ્ટન અને અન્ય વિદ્યાર્થી પ્રતિનિધિઓને બિલ્લો તથા ખેસ પહેરાવીને હોદ્દાની જવાબદારી સોંપવામાં આવી હતી.

ત્યારબાદ ચૂંટાયેલા હોદ્દેદારોએ શાળાની પ્રતિષ્ઠા જાળવવા સાથે શિસ્ત, પ્રામાણિકતા અને નેતૃત્વની ભાવનાથી પોતાની ફરજો નિભાવવાના શપથ લીધા હતા. આ પ્રસંગે શાળા પરિવારે નવસર્જિત વિદ્યાર્થી પરિષદને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે સાચું નેતૃત્વ સેવા, સમર્પણ અને જવાબદારીની ભાવનાથી વિકસે છે.

## વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંત પટેલ પૂરગ્રસ્તોની વ્હારે આવ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૦૭ :** વાંસદા ચીખલીના ધારાસભ્ય અનંત પટેલે ચીખલી તાલુકાના ગોડથલ ગામ અસરગ્રસ્તો ને કીટનું વિતરણ કર્યું.

ચીખલી તાલુકાના ગોડથલ ગામે ખરેરા નદીમાં આવેલા ભારે પુરને કારણે ગોડથલ ગામે નદી કિનારે વસવાટ કરતા પરિવારોના મકાનના વરસાદી પાણી ભરાઈ જતા ભારે ખાના ખરાબી સર્જાવા પામી હતી.

વાંસદા ચીખલીના ધારાસભ્ય અનંત પટેલ કોંગ્રેસ સેવા દળના શ્રી નિવાસનજી તેમજ અન્ય કાર્યકર્તાઓ સાથે પૂર અસરગ્રસ્તોને અનાજ, કઠોળ, તેલ, ખાંડ, ચા, કાંદા, બટાકા, બ્લેન્કેટ અને તાડપત્રી જેવી જરૂરિયાતની ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## બીલીમોરા સ્વસ્તિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પૂરગ્રસ્તોને અન્ન અને વસ્ત્ર દાન કરાયું



**બીલીમોરા, તા.૦૭ :** બીલીમોરા અને આજુબાજુના નીચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદને કારણે લોકોના ઘરોમાં પાણી ભરાઈ જતાં ઘરવખરી તણાઈ ગઈ હતી, ત્યારે સામાજિક જવાબદારીના ભાગરૂપે સ્વસ્તિક ચેરીટેબલ ટ્રસ્ટ બીલીમોરા દ્વારા પૂરગ્રસ્તોની વહારે આવી ૨૫૦ જેટલી ધાબળા, ટુવાલ અને નાઈટી ધરાવતી કીટોનું ઘરે-ઘરે જઈ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, ઘરવખરીની સફાઈ દરમિયાન લોકોને ખાવા-પીવાની તકલીફ ન પડે તે માટે ૨૪ અને ૨૫ જુલાઈના રોજ કાંકરાખાડી તથા મીઠા કુવા વિસ્તારના ૪૦૦ થી ૫૦૦ લોકોને ભોજન અને પીવાના પાણીની સુવિધા પૂરી પાડી દુઃખમાં સહભાગી થવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ માનવતાવાદી સેવાકાર્ય માટે પ્રમુખ દીપક દુસાને, સુચેતા દુસાને, પારુલ મિસ્ત્રી, કૃષ્ણાભાઈ ટંડેલ, ડૉ. આશાબેન ભટ્ટ, બિરેન બલસારા, વસંત દીક્ષિત, સંજય ભંડારી, પંકજ કંસારા, શ્રેયા મિસ્ત્રી, જેનિસ ગાંધી અને તિલક કંસારા સહિતના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.


દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com


### નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત મહિલા નેતૃત્વ દિવસ નિમિત્તે

## આહવામાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનના સંયુક્ત ઉપક્રમે ગીરી કન્યા છાત્રાલયની વિદ્યાર્થિનીઓને મહિલા અને બાળ સુરક્ષા અંગે માર્ગદર્શન અપાય**

(દમણગંગા ટાઈમ્સ)



**આહવા, તા. ૦૭ :** નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત ઉજવાતા મહિલા નેતૃત્વ દિવસ નિમિત્તે મહિલાઓ અને કિશોરીઓમાં નેતૃત્વ ક્ષમતાનો વિકાસ, આત્મવિશ્વાસમાં વધારો, પોતાના અધિકારો અને જવાબદારીઓ પ્રત્યે જાગૃતિ તેમજ શિક્ષણ, સુરક્ષા અને સ્વાવલંબન દ્વારા સમાજના સર્વાંગી વિકાસમાં તેમની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાના હેતુસર આહવા સ્થિત ગીરી કન્યા છાત્રાલય ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ડાંગ ટીમ અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન ડાંગ ટીમના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં છાત્રાલયની વિદ્યાર્થિનીઓને મહિલા સુરક્ષા, બાળ સુરક્ષા, કાનૂની અધિકારો તથા સરકાર દ્વારા ઉપલબ્ધ વિવિધ સહાયકારી સેવાઓ અંગે વિસ્તૃત વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનના પ્રતિનિધિઓએ ઘરેલુ હિંસા, મહિલાઓ સામે થતા વિવિધ પ્રકારના અત્યાચાર, સાયબર ગુનાઓથી બચવાના ઉપાયો, કાનૂની સહાય તેમજ મહિલાઓને મળતી તાત્કાલિક મદદ અંગે માહિતી આપી હતી. સાથે જ કોઈપણ પ્રકારની મુશ્કેલી કે સંકટની સ્થિતિમાં નિઃશુલ્ક ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન સેવાનો નિર્ભયપણે ઉપયોગ કરવા અપીલ કરી હતી. આ ઉપરાંત મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.**૦૮-૦૮-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** અષાઢ, દશમ, **સૂર્યોદય :** ૦૬ : ૧૭ **સૂર્યાસ્ત** ૦૭ :૧૩, **ચંદ્રોદય** - ૦૧:૦૬ **ચંદ્રાસ્ત** - ૦૩:૨૨ **ચંદ્ર રાશિ :** વૃષભ, **નક્ષત્ર** - રોહિણી

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારા માટે ઉત્સાહ અને ઊર્જાથી ભરપૂર રહ્યો. કાર્યક્ષેત્રમાં તમારી મહેનતની પ્રશંસા થઈ અને પ્રમોશન કે નવી જવાબદારી મળવાના યોગ બન્યા. રાજકીય કે સરકારી કામકાજમાં સાનુકૂળતા રહી.

**વૃષભ(બ.વ.ઉ) :** આર્થિક બાબતો માટે દિવસ ખૂબ જ સારો સાબિત થયો. લાંબા સમયથી અટકેલા નાણાં પાછા મળવાથી મોટી રાહત અનુભવાઈ.

**મિથુન(ક.છ.ઘ) :** કરિયરમાં આગળ વધવાની ઉત્તમ અને નવી તકો મળી. જો તમે નોકરી બદલવાનું વિચારી રહ્યા હતા, તો કોઈ સારો ઓફર લેટર કે નવી દિશા મળી શકે છે.

**કર્ક(ડ.હ) :** માનસિક શાંતિ અને રાહતનો અનુભવ કરાવનારો દિવસ રહ્યો. -નેપર્ટી કે વાહન ખરીદી સંબંધિત યોજનાઓ આગળ વધી.

**સિંહ(મ.ટ.) :** કાર્યક્ષેત્રમાં તમારો પ્રભાવ અને સન્માન બંને વધ્યા. વરિષ્ઠ અધિકારીઓ તમારા કામથી પ્રભાવિત થયા. જો રોકાણ કરવાનું વિચારતા હોવ તો તે માટે સમય અનુકૂળ રહ્યો.

**કન્યા(પ.ઠ.ણ.) :** વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક કાર્ય સાથે જોડાયેલા લોકો માટે દિવસ શ્રેષ્ઠ રહ્યો. અભ્યાસ કે નવી સ્કિલ ડેવલપમેન્ટમાં પૂરતું ધ્યાન કેન્દ્રિત કરી શક્યા.

**તુલા (ર.ત.) :** કામના ભારે ભારણ અને ભાગદોડના લીધે થોડો થાક કે માનસિક તણાવ અનુભવાયો. સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવું અને પૂરતી ઊંઘ લેવી જરૂરી બની.

**વૃશ્ચિક(ન.ય.) :** જૂની સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓથી મોટી રાહત મળી અને તમે શારીરિક રીતે ઊર્જાવાન અનુભવ્યું. વ્યાપાર કે ધંધામાં કોઈ નવી મોટી ડીલ ફાઈનલ થઈ શકી, જે ભવિષ્યમાં આર્થિક લાભ કરાવશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** નવી કળા, નવું જ્ઞાન કે નવું કામ શીખવા માટે દિવસ ઉત્તમ રહ્યો. સિદ્ધિઓ અને ખુશીઓનો માહોલ બન્યો.

**મકર(જ.ખ) :** નવું રોકાણ કરવા અથવા કોઈ નવું કાર્ય કે પ્રોજેક્ટ શરૂ કરવા માટે સમય ખૂબ જ સાનુકૂળ રહ્યો.

**કુંભ(ગ.શ.સ.) :** ઓફિસ કે કાર્યસ્થળ પર રાજકારણ અથવા બિનજરૂરી ગપસપથી દૂર રહેવાની સલાહ છે. માત્ર પોતાના કામ પર જ એકાગ્રતા રાખો.

**મીન(દ.ચ.ઝ.થ) :** નોકરિયાત વર્ગના જાતકો માટે પ્રમોશન કે ઇન્ક્રિમેન્ટ જેવા શુભ સમાચાર મળવાની સંભાવના રહી. તમારી સર્જનાત્મકતા (ક્રિએટિવિટી) જોઈને સહકર્મીઓ અને ઉપરી અધિકારીઓ ખુશ થયા.

## દમણ રેડિયો

आकाशवाणी

102.3 FM

શનિવાર/રવિવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫ઃ૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

### સુડોકુ નં.૬૪૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | | | 4 | | | | 7 |
| 3 | | | 6 | 5 | 8 | | | |
| | 8 | 9 | | | | | | |
| 9 | | 3 | 1 | | 5 | | | |
| | 4 | 1 | | | | 2 | 6 | |
| | | | 4 | | 6 | 3 | | 1 |
| | | | | | | 5 | 8 | |
| | | | 5 | 8 | 3 | | | 9 |
| 5 | | | | 9 | | | 7 | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૪૭નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 5 | 4 | 6 | 8 | 9 | 2 | 1 |
| 4 | 2 | 9 | 3 | 1 | 5 | 8 | 6 | 7 |
| 6 | 8 | 1 | 7 | 2 | 9 | 5 | 4 | 3 |
| 3 | 4 | 6 | 8 | 7 | 2 | 1 | 9 | 5 |
| 5 | 9 | 7 | 6 | 4 | 1 | 3 | 8 | 2 |
| 8 | 1 | 2 | 9 | 5 | 3 | 6 | 7 | 4 |
| 1 | 6 | 4 | 5 | 8 | 7 | 2 | 3 | 9 |
| 9 | 5 | 8 | 2 | 3 | 4 | 7 | 1 | 6 |
| 2 | 7 | 3 | 1 | 9 | 6 | 4 | 5 | 8 |

સ્થાનિક સમાચારો

• વલસાડ • પારડી • ધરમપુર • કપરાડા •વાપી • ઉમરગામ •દમણ • સેલવાસ

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# સેલવાસમાં પ્રેમી સાથે રહેતી નવાદાની પરિણીતાની હત્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૭ :** બિહારના નવાદા જિલ્લાના સિયુર ગામની રહેવાસી પરિણીતા છોટી કુમારીની સિલવાસામાં હત્યા કરીને તેનો મૃતદેહ ટ્રોલી બેગમાં છુપાવવામાં આવ્યો હોવાની ઘટનાએ ચકચાર મચાવી છે. પોલીસને મૃતક સાથે લિવ-ઇન સંબંધમાં રહેતા યુવક પર હત્યાની શંકા છે. ઘટના બાદથી આરોપી ફરાર હોવાનું જાણવા મળ્યું છે અને પોલીસ તેની શોધખોળ કરી રહી છે.



પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ નવાદા જિલ્લાના રોહ પોલીસ સ્ટેશન વિસ્તારના સિયુર ગામની રહેવાસી છોટી કુમારી તરીકે થઈ છે. પ્રાથમિક માહિતી મુજબ છોટી કુમારીના લગ્ન વર્ષ ૨૦૨૩માં થયા હતા. લગ્નના થોડા સમય બાદ તે પોતાના ગામના રહેવાસી ઋષભ કુમાર સાથે ચાલી ગઈ હતી. ત્યારબાદ બંને સિલવાસામાં ભાડાના મકાનમાં સાથે રહેતા હતા. પરિવારજનોએ ઘણી શોધખોળ કર્યા બાદ રોહ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ પણ નોંધાવી હતી.

ઘટનાનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે સિલવાસાના ભાડાના મકાનમાંથી દુર્ગંધ આવતાં સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી. પોલીસે સ્થળ પર પહોંચી તપાસ દરમિયાન ટ્રોલી બેગમાંથી મહિલાનો મૃતદેહ કબજે કર્યો. રૂમમાંથી મળેલા દસ્તાવેજોના આધારે મૃતદેહની ઓળખ છોટી કુમારી તરીકે થઈ હતી.પ્રાથમિક તપાસમાં પોલીસે તેના સાથે રહેતા ઋષભ કુમાર પર શંકા વ્યક્ત કરી છે. ઘટના બાદથી તે ફરાર હોવાનું જણાવાય છે. પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે તેમજ ફોરેન્સિક અને અન્ય ટેક્નિકલ પુરાવાઓના આધારે તપાસ આગળ વધારી રહી છે.

જરૂરી કાનૂની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ પોલીસે મૃતદેહ પરિવારને સોંપ્યો હતો. ત્યારબાદ સિલવાસામાં જ છોટી કુમારીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા, જેમાં તેના પિતા મનીષ ઉપાધ્યાય સહિત પરિવારજનો હાજર રહ્યા હતા.

મૃતકના પિતા મનીષ ઉપાધ્યાયે આરોપ લગાવ્યો કે તેમની પુત્રી લગભગ ૭ લાખના દાગીના સાથે ઋષભ કુમાર સાથે ગઈ હતી અને દાગીના કબજે કરવા તેની હત્યા કરવામાં આવી.

તેમણે ઋષભની બહેન અને બહેનાઈની સંડોવણી હોવાનો પણ આરોપ લગાવ્યો છે. જોકે, આ આરોપોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી અને પોલીસ તમામ પાસાઓની તપાસ કરી રહી છે.

પોલીસે જણાવ્યું કે તપાસ ચાલુ છે અને મળતા પુરાવાઓના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. મુખ્ય આરોપીની ધરપકડ માટે વિવિધ સ્થળોએ શોધખોળ ચાલી રહી છે.

# વાપીમાં ડ્રગ્સ મટીરીયલ સપ્લાય કરનારની જામીન નામંજૂર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપીના ચલા વિસ્તારમાં ગત વર્ષે પકડાયેલા કરોડોના મેફેડ્રોન ડ્રગ્સ કેસમાં ડ્રગ્સ બનાવવા માટે મટીરીયલ સપ્લાય કરનાર આરોપીની રેગ્યુલર જામીન અરજી વલસાડની સ્પેશિયલ NDPS કોર્ટે નામંજૂર કરી છે. વાપીના ચલા ખાતે મોહિદ ટાવરની બાજુમાં આવેલા એક બંગલામાં ગુજરાત ATS દ્વારા તા. ૩/૧૦/૨૦૨૫ના રોજ રેડ પાડવામાં આવી હતી. આ રેડ દરમિયાન બંગલામાંથી ૫૯૦૦ ગ્રામ મેફેડ્રોન/મેંડ્રેક્સ જેની કિંમત અંદાજે રૂ. ૨૯.૫૦ કરોડ થાય છે તેવો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો.

આ કેસમાં પોલીસે મનોજ રાજનેતસિંગ ઠાકુર, સોનુ જનકરામ ભારદ્વાજ, વિવેક રાય અને નિલેશ શ્રીધર પાંડે સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. જેમાંથી નિલેશ શ્રીધર પાંડે, સોનુ ભારદ્વાજ અને બાદમાં મનોજ ઠાકુરની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે આરોપી વિવેક રાયને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

આ કેસમાં આરોપી નિલેશ શ્રીધર પાંડે, રહે. સ્ટાર બંગલો, શ્રીનાથજી નગર, ચલા વાપીની ગુજરાત ATS દ્વારા ધરપકડ કરી ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ચાર્જશીટ બાદ આરોપી દ્વારા રેગ્યુલર જામીન મેળવવા અરજી કરવામાં આવી હતી.વલસાડ NDPS એક્ટ હેઠળના સ્પેશિયલ જજ નિપા રાવર્લની કોર્ટ સમક્ષ સુનાવણી દરમિયાન સરકારી વકીલ અનિલ ત્રિપાઠીએ આરોપીની સંડોવણી અને ગુનાની ગંભીરતા અંગે દલીલો કરી હતી. કોર્ટે સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખી આરોપી નિલેશ પાંડેની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો છે.

હાલ કેસની વધુ તપાસ ગુજરાત ATS દ્વારા ચાલુ છે.

# વલસાડ જિલ્લાની ડેરીઓમાં તપાસ એનાલોગ પનીર મળતા નાશ કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વલસાડમાં જાહેર જનતાના વિશાળ હિત અને આરોગ્યની સુરક્ષાને ધ્યાને લઈ ડેરી એનાલોગના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ તથા વેચાણને પ્રતિબંધિત કરવા અંગે અત્રેની કચેરીના ફુડ સેફ્ટી ઓફીસરોની ટીમ દ્વારા ૧. મારડિયા ફૂડ પ્રોડક્ટ વલસાડ, ૨.આયુષી ડેરી વલસાડ, ૩.મનીષ ડેરી વલસાડ, ૪. શ્રીજી ડેરી, ગુંજન જીઆઈડીસી વાપી ૫. ભરૂચા ડેરી સોળસુંબા,ઉમરગાંવ ૬. ગોકુલ ડેરી અને સ્વિટ, પૂજા એપાર્ટમેન્ટ વિવેકાનંદ નગર ગાંધીવાડી ઉમરગાંવમાં ૪ kg. એનોલોગ પનીરનો જથ્થો નાશ કરાવેલ, ૭. શ્રી સાંવરીયા ડેરી ગાંધીવાડી ઉમરગાંવમાં, ૩ kg. એનોલોગ પનીરનો જથ્થો નાશ કરાવેલ, ૮.યાદવ ડેરી ગાંધીવાડી ઉમરગાંવ ૯. રાધા કૃષ્ણ ડેરી સરસ્વતી બિલ્ડીંગ ગાંધીવાડી ઉમરગાંવમાં ૫ kg. એનોલોગ પનીરનો જથ્થો નાશ કરાવેલ, ૧૦. ગોકુલ ડેરી સ્ટેશન રોડ છોડ દુંગા ઉમરગાંવ, ૧૧. સૈયદ અલી ડેરી સંજાણ ઉમરગામ, ૧૨. ભરૂચા ડેરી, ગાંધીવાડી ઉમરગાંવ, ૧૩.ભરૂચા ડેરી સંજાણ તાલુકો ઉમરગાંવ, નટરાજ ડેરી, શિવ કૃપા એપાર્ટમેન્ટ, ગાયત્રી નગર, સરીગામ, સાવરીયા ડેરી, ભીલાડ રોડ, સરીગામ, ભેરુનાથ ડેરી, સુલપડ, ભડકમોરા, વાપી, ૧ kg. એનોલોગ પનીરનો જથ્થો નાશ કરાવેલ, ગોપાલ ડેરી ફાર્મ, ભડકમોરા, વાપી, શ્રી ધરમરાજ ડેરી, ભડકમોરા, વાપી, ૧૩ kg. એનોલોગ પનીરનો જથ્થો નાશ કરાવેલ, શિવ આરતી ડેરી, B/H, છેડા સોસાયટી સ્ટોર, ગુંજન, GIDC વાપી, ૬ kg. એનોલોગ પનીરનો જથ્થો નાશ કરાવેલ, શ્રી સાવરીયા ડેરી એન્ડ સ્વીટ, કોપરલી રોડ, છીરી, વાપી, ૪.૯ kg. એનોલોગ પનીરનો જથ્થો નાશ કરાવેલ, ધારા ડેરી, દામાણી ઝાંપા,પારડી, ૨ kg. એનોલોગ પનીરનો જથ્થો નાશ કરાવેલ, ધર્મરાજ ડેરી, સાંઈ વાટિકા એપાર્ટમેન્ટ, છરવાડા, વાપી, ૭ kg. એનોલોગ પનીરનો જથ્થો નાશ કરાવેલ, ગોકુલ ડેરી, પારડી તળાવ સામે, પારડી, ૨૨ kg. એનોલોગ પનીરનો જથ્થો નાશ કરાવેલ, માતેશ્વરી ડેરી, ભડકમોરા, વાપી, ૪.૫ kg. એનોલોગ પનીરનો જથ્થો નાશ કરાવેલ, લક્ષ્મી ડેરી, છરવાડા, વાપી, ૩ kg. એનોલોગ પનીરનો જથ્થો નાશ કરાવેલ, શ્રી સાવરીયા ડેરી, છરવાડા, વાપી મારુતિ એન્ટરપ્રાઈઝ, અંબાચ, પારડી તપાસ કરવામાં આવેલ છે જેમાં કુલ ૭૫.૪ kg. જથ્થો નાશ કરાવવામાં આવેલ જેની એકંદરે કિંમત રૂપિયા ૨૨,૩૪૯ થાય છે. આમ હજુ પણ બીજા અન્વ એકમોની તપાસ ચાલુ છે. જ્યાં શંકાસ્પદ પનીર, બટર કે ચીઝનો જથ્થો નાશ કરવામાં આવશે તથા કડક કાર્યવાહી કરવામાં આવશે, તેમજ સદર તપાસ દરમિયાનના ફોટાઓ આ સાથે સામેલ છે.



# પીક અવર્સમાં : બલીઠાથી ટોલનાકા સુધી ટ્રાફિક જામથી નોકરિયાતો ત્રાહિમામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વલસાડ-વાપી વચ્ચે રોજિંદી અવરજવર કરતા હજારો નોકરિયાતો અને વાહનચાલકો માટે વાપીના બલીઠાથી ટોલનાકા સુધીનો માર્ગ હાલ ભારે મુશ્કેલીનું કારણ બન્યો છે. ખાસ કરીને સવારે અને સાંજના પીક અવર્સ દરમિયાન આ ટૂંકું અંતર કાપવામાં ૪૫ મિનિટથી એક કલાક જેટલો સમય લાગી જતાં લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ રસ્તાઓ પર પડેલા ખાડાઓનું તંત્ર દ્વારા સમારકામ કરવામાં આવ્યું હોવા છતાં ટ્રાફિકની સમસ્યામાં કોઈ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો નથી. ટ્રાફિકના અસરકારક સંચાલનના અભાવે ભારે વાહનો, ખાસ કરીને લોડેડ ટ્રક અને ટ્રેલરો, પ્રથમ અને બીજી લેનમાં ૧૦થી ૨૦ કિમી પ્રતિ કલાકની ધીમી ગતિએ આગળ વધતાં હોવાથી તેમની પાછળ વાહનોની લાંબી કતારો સર્જાઈ જાય છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ પીક અવર્સ દરમિયાન ટ્રાફિક નિયંત્રણ માટે જરૂરી પ્રમાણમાં ટ્રાફિક પોલીસની હાજરી જોવા મળતી નથી. જ્યાં ટ્રાફિકનું નિયમન જરૂરી હોય છે ત્યાં પોલીસ કર્મચારીઓની ગેરહાજરી અથવા નિષ્ક્રિયતાના કારણે વાહનવ્યવહાર વધુ અસ્તવ્યસ્ત બની જાય છે.

પરિણામે બલીઠાથી ટોલનાકા સુધીનું અંતર કાપવામાં સામાન્ય દિવસોમાં પણ પોણાથી એક કલાક જેટલો સમય વેડફાઈ રહ્યો છે.

આ સ્થિતિના કારણે નોકરીએ જતાં કર્મચારીઓ, ઉદ્યોગોમાં કાર્યરત શ્રમિકો, વેપારીઓ તેમજ અન્ય વાહનચાલકોને રોજિંદી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોએ જિલ્લા પ્રશાસન, ટ્રાફિક પોલીસ અને સંબંધિત તંત્રને પીક અવર્સ દરમિયાન અસરકારક ટ્રાફિક વ્યવસ્થાપન, ભારે વાહનોના નિયમન તેમજ જરૂરી સ્થળોએ પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવી આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે.

# હોન્ડથી પાંચ મહિલા ૨.૮૫ લાખનો દારૂ સાથે ઝડપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૦૭ :** ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર આવેલ હોન્ડ ગામની હદમાંથી ચીખલી પોલીસે પાંચ મહિલાઓને રૂપિયા ૨.૮૫ લાખના દારૂના જથ્થા સાથે ઝડપી પાડી તમામ મહિલાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરાતા દારૂની ખેપ મારતી મહિલાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર આવેલ હોન્ડ ગામના બસ સ્ટેન્ડ પાસે ચીખલી પોલીસ વાહન ચેકિંગ કરી રહી હતી દરમિયાન મુંબઈથી અમદાવાદ જતા ટ્રેક ઉપર પાંચ જેટલી મહિલાઓ જે શંકાસ્પદ મીણિયા થેલાઓ લઈને ઊભેલી હોય આ મહિલાઓને ચીખલી પોલીસે સાથે રાખેલ પ્લાસ્ટિકના મીણિયા થેલાને ચેક કરતા પાંચ મહિલાઓ પાસેથી બીયર, વિસ્કી નો જથ્થો નંગ ૧૨૦૦ મળી આવ્યો હતો જેની અંદાજિત કિંમત રૂપિયા ૨.૮૫.૪૮૦ નો મુદ્દા માલ કબજે કરવામાં આવ્યો હતો

પકડાયેલ મહિલાઓમાં સરિતા દલસિંગ ભુરીયા, સરલા અલ્પેશ ભુરીયા, સુખી કમલેશ ભુરીયા, નિરાલી સુરેશ ભુરીયા, ધુળકી મેસુ ભુરીયા તમામ રહે ભરતાણા ગામ પાણીની ટાંકી પાસે ઝુપડપટ્ટીમાં સુરત મૂળ રહે. જેસાવાડા ગામ નંદેલાવ ફળિયું તા. ગરબાડા જી. દાહોદની સામે કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ તપાસ ચીખલી પોલીસે હાથ ધરી છે.

# રણકપુર ટ્રેનમાં મહિલાના ૩.૬૨ લાખના દાગીના અને રોકડની ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** રણકપુર એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી રહેલી એક પાલઘરની એક મહિલા નું ૩,૬૨,૫૦૦ની કિંમતના દાગીના અને રોકડ ભરેલું લેડીઝ પર્સ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હોવાની બનતા પાલઘર રેલવે પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

મૂળ રાજસ્થાન પાલી અને હાલ પાલઘરમાં રહેતા ૫૦ વર્ષીય ગૃહિણી ઉમેશ ચૌધરી ગત ૨૧ જૂન ૨૦૨૬ના રોજ સોમેશ્વર રેલવે સ્ટેશન પરથી રણકપુર એક્સપ્રેસ ટ્રેન ના કોચ નં. ૯૩ માં મુસાફરી કરી રહ્યા હતા. રાત્રે તેમણે પોતાનું ચોકલેટ રંગનું પર્સ સીટ પર પોતાની પાસે રાખી સુઈ ગયા હતા.

જ્યારે ટ્રેન નવસારી રેલવે સ્ટેશન પરથી પસાર થઈ ત્યારે તેમની ઊંઘ ઊડી જતાં જોયું તો સીટ પર રાખેલું પર્સ ગાયબ હતું. કોઈ અજાણ્યા ચોરે ઊંઘનો લાભ ઉઠાવી પર્સ તારવી લીધું હોવાની ખાતરી થતાં અંતે તેમણે પાલઘર રેલવે પોલીસ સ્ટેશનમા સોનાનું મંગળસૂત્ર, સોનાનો ટીકો, સોનાની નથ

રોકડ રૂપિયા ૨૫૦૦ મળી કુલ મુદ્દામાલ ૩,૬૨,૫૦૦ નો મુદ્દા માલ ચોરી થવાની ઘટના બનતા પાલઘર રેલવે પોલીસ મથકમાં મહિલાએ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ ચાલી રહી છે જોકે ટ્રેન નવસારી આસપાસ હતી ત્યા ઘટના બની હોવાથી રેલવે પોલીસ સીસીટીવી ફુટેજ અને શંકાસ્પદોની પૂછપરછના આધારે ચોરનું પગેરુ મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

# પારડીમાં શૌચાલયમાં યુવતીની છેડતી કરનાર આધેડ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** પારડીમાં સરકારી શૌચાલયમાં યુવતીની છેડતી કરનાર આધેડ ને પારડી પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો. આધેડે યુવતીનો પીછો કરી અશ્લીલ ઈશારા કરી બળજબરી થી હાથ પકડતા યુવતી એ બૂમાબૂમ કરી હતી પારડી શહેરના દમણીઝાંપા વિસ્તારમાં સરકારી શૌચાલયમાં ગયેલી ૨૨ વર્ષીય પારડી શહેરની એક યુવતીનો પીછો કરી, અશ્લીલ છેડતી કરનાર આધેડ સામે પારડી પોલીસ મથકે ગુનો નોંધી પોલીસે ગણતરીના કલાકમાં આરોપી ને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે ગત ૫ ઓગસ્ટની રાત્રે યુવતી શૌચાલયમાં ગઈ ત્યારે મહેશભાઈ રામજીભાઈ પટેલ નામના આધેડે પીછો કરી બહાર અશ્લીલ ઈશારા કર્યા હતા અને બળજબરીથી હાથ પકડી છેડતી કરી હતી યુવતીએ બૂમાબૂમ કરતા આરોપીએ હાથ મચકોડી જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી છૂટ્યો હતો ફળિયાના આગેવાનો સાથે ચર્ચા બાદ યુવતીએ ફરિયાદ નોંધાવતા પારડી પોલીસે ગણતરીના કલાકમાં આધેડ આરોપીને ઝડપી પડ્યો છે અને તેના સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાપીમાં એટ્રોસિટી કેસનો આરોપી જેલમાં ધકેલાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપીના કુંભારવાડા વિસ્તારમાં એટ્રોસિટી એક્ટ હેઠળ નોંધાયેલા કેસમાં પોલીસે મુખ્ય આરોપી વિક્કી પંચાલની ધરપકડ કરી તેને નવસારી જેલ હવાલે કર્યો છે. જ્યારે આ કેસમાં સંડોવાયેલા અન્ય ત્રણ આરોપીઓ હજુ ફરાર છે અને પોલીસ તેમની શોધખોળ કરી રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ફરિયાદી રમેશ છગન ધોળિયા પટેલએ વાપી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી


કે કુંભારવાડા વિસ્તારમાં રહેતાં આરોપી વિક્કી પંચાલએ તેમને ઘર આગળના મંદિરની છત તોડી પાડવા કહી ધમકી આપી જાતિવિષયક ગાળો આપી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ફરિયાદના આધારે વાપી પોલીસે એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન પોલીસે મુખ્ય આરોપી વિક્કી પંચાલને ઝડપી પાડી તેની ગઈ કાલેજ ધરપકડ કરી હતી. આજે કોર્ટમાં રજૂ કર્યા બાદ તેને નવસારી જેલમાં મોકલવામાં આવ્યો છે. આ કેસમાં અન્ય ત્રણ ઈસમોની ધરપકડ બાકી છે.









# આત્માની પરખ

**વીણેલા ફૂલ**
- આશા વીરેન્દ્ર - વલસાડ

રાત પડવાની તૈયારી હતી. અંધકારના ઓળા ધીમે ધીમે પૃથ્વી પર ઊતરી રહ્યા હતા. લગ્નની ધાંધલ-ધમાલ અને મહેમાનોના શોરબકોરમાંથી કંઈક છુટકારો મેળવવા પરવીન ધાબા પર આવીને ઊભી રહી. એણે ઊંડો શ્વાસ લીધો. આ એની પ્રિય જગ્યા. સાંજના સમયે જ્યારે પંખીઓનાં ટોળાં પોતાના માળા ભણી પાછાં ફરી રહ્યાં હોય ત્યારે એ અચૂક આમ આવીને ઊભી રહેતી. જો કે, આજે તો અમ્મીએ કહ્યું હતું, 'પરવીન, ઘરમાં આટલા મહેમાન છે. કામના ઢગલા પડયા છે. આજે અગાશી પર નહીં ચઢી જતી સમજી ?

પરવીનથી નાના સૈફનાં લગ્ન છે. બારાત લઈને જવાની તૈયારી ચાલી રહી છે. બધું જાણવા-સમજવા છતાં પરવીન પોતાની જાતને રોકી ન શકી. એને થયું, પોતે તો જલદી જલદી તૈયાર થઈ ગઈ છે પણ બાકી બધાને તૈયાર થઈને નીકળતાં અડધો-પોણો કલાક થઈ જશે. લાવને, ઘડીક ઉપર જઈ આવું!

એ લોકો ત્રણ બહેનો અને ત્રણ ભાઈઓ. પરવીન અને સૈફ સિવાય બધાં પરણીને બાળ-બચ્ચાં વાળાં થઈ ગયેલાં. આજે સૈફનાં ય લગ્ન થઈ જશે. એ પણ પરણ્યા પછી કલકત્તા જતો રહેવાનો છે. પછી તો આટલા મોટા ઘરમાં બસ એ અને અમ્મી. ઘડીભર માટે એ ઉદાસ થઈ ગઈ. અચાનક એની નજર સામેના ઘરની અગાશી તરફ ગઈ. કોણ ઊભું છે ત્યાં ? ઘેરા થતા જતા અંધકારમાં બરાબર દેખાતું નહોતું. એ ઘરની અગાશીને જુદી પાડતી પાળી પાસે આવીને એણે જોવાનો પ્રયત્ન કર્યો. નીચેથી આવતી રોશનીને કારણે ચહેરો સ્પષ્ટ થયો. એ ખુશીથી ઊછળી પડી,'અરે દિસુ, તું ? ક્યારે આવ્યો? મને તો ખબર જ નહીં કે તું આવવાનો છે!

આજે સવારે જ આવ્યો. મારે ઈન્ડિયામાં કામ માટે આવવાનું તો હતું જ. મને થયું, સૈફના લગ્ન ટાણે જ પહોંચી જાઉં તો એક પંથ ને દો કાજ પણ થઈ જાય અને લગ્નમાં બિરયાની ઝાપટવા મળે એ નફામાં!

હજી એવો ને એવો જ ખાવાનો શોખીન રહ્યો લાગે છે. પણ કેટલાં વર્ષો પછી તને જોયો. બહુ બદલાઈ ગયો છે. તારી વાત કરને! તું ય ફ્રોક પહેરીને રમતી છોકરીમાંથી સાડી પહેરતી યુવતી થઈ ગઈ અને અત્યારે ક્રીસમસ ટ્રીની માફક સજીધજીને ઊભી છે તે ઓળખાતી ય નથી. પણ સાચું કહું પરવીન, પહેલાં કરતાં અનેકગણી સુંદર લાગે છે.' પરવીનનું મોઢું શરમથી લાલ થઈ ગયું. એ નીચું જોઈ ગઈ. ત્યાં તો નીચે થી પરવીન, પરવીનના નામની બૂમ પડી ને એણે ધીરેથી નીચે જતાં કહ્યું, 'ચાલ દિસુ, હું જાઉં. લગ્નમાં મળીએ છીએ હં ! પરવીન તો ગઈ પણ એકલા પડેલા આદિત્યની નજર સામે વર્ષો પહેલાંનો માહોલ ખડો થઈ ગયો. ખાનસાહેબ અને એમના ઘર વચ્ચે માત્ર એક દીવાલ જ, પણ કોઈ દિવસ કોઈને વિચાર સુધ્ધાં નહોતો આવ્યો કે આ હિંદુ છે ને આ મુસ્લિમ છે. આદિત્ય અને સૈફ એકમેકનાં ઘરમાં છૂટથી અવર-જવર કરતા ને કોઈક વખત ભાવતી વાનગી હોય તો જમી પણ લેતા. જ્યારથી પડોશમાં રહેવા આવ્યા ત્યારથી ખાનસાહેબે પોતાના પરિવારમાં સૂચના આપી દીધી હતી કે, ઘરમાં માંસાહારી ભોજન નહીં બને. છોકરાઓને ખાવું જ હોય તો બહાર જઈને ખાઈ આવે.

આ જ એ અગાશી હતી જ્યાં આદિત્ય ને એની મોટીબહેન સોહિની તથા સૈફ અને એની બંને બહેનો ભેગાં થતાં.

ચાલો, થપ્પો રમીએ. ના, ના, અહીં સંતાવાની જગ્યા જ ક્યાં છે ? એના કરતાં સાત ઠીકરી રમીએ.

કઈ રમત રમવી એને માટે બધા વચ્ચે મતભેદ પડતા પણ પરવીન તો ખિલખિલ કરતી હસ્યા કરતી. એણે કોઈ દિવસ કોઈ સાથે ઝઘડો કર્યો હોય એવું યાદ નથી. આમ પણ પોતે રમવા કરતાં બીજાને રમતાં જોઈને એ વધુ રાજી થતી. થોડી વાર પછી એ પણ નીચે ઊતર્યો. તૈયાર થયો ને માને પૂછ્યું, મા, તું આવે છે ને, સૈફની બારાતમાં ? ના બેટા, તું જા. હમણાં હમણાં મને પગ બહુ દુખ્યા કરે છે. હું તો કાલે રિસેપ્શનમાં જ આવીશ.'

આદિત્ય બારમા ધોરણ પછી જ આગળ અભ્યાસ માટે અમેરિકા રહેતા કાકાને ત્યાં જતો રહેલો. ત્યાં જ ભણ્યો ને ત્યાં જ કામે લાગ્યો. ગમે તેટલી ઈચ્છા હોય તો યે ઘરે આવવાનું બની નહોતું શકતું. આજે ૮-૧૦ વર્ષ પછી આવ્યો હતો. સૈફનાં ભાઈ-બહેનો, એમનાં બાળકો, સાથે ભણેલા એ જૂના મિત્રો સૌને મળીને આદિત્ય ખુશ થઈ ગયો. એ અમેરિકા ગયો ત્યારે શરૂ શરૂમાં ત્યાંની સ્વતંત્ર જીવનશૈલીથી પ્રભાવિત થઈ ગયેલો પણ જેમ જેમ વર્ષો વીતતાં ગયાં એમ એકલતા કોરી ખાવા લાગી. એટલે જ, આજે આટલા બધા લોકોને એકસાથે કલબલાટ કરતાં જોઈને એને મજા પડતી હતી. સૌ સાથે હળવા-મળવા છતાં ફરી ફરીને એની નજર પરવીન તરફ જતી હતી. કેટલી સુંદર દેખાતી હતી એ ! જુવાનીએ જાણે પોતાની જાદુઈ લાકડી ફેરવી દીધી હોય એમ એના ચહેરા પર કંઈક અલગ જ નિખાર આવી ગયો હતો.

સૈફના લગ્નને હજી તો પંદર જ દિવસ થયા ત્યાં આજે ફરી પાછો એક આનંદનો અવસર અવ્યો હતો અને સ્નેહીજનો, મિત્રો એકઠા થયા હતા. આદિત્ય અને પરવીને એકબીજાને અંગુઠી પહેરાવી, હાર પહેરાવ્યા અને તાળીઓના ગડગડાટ વચ્ચે સાદાઈથી લગ્નવિધિ સંપન્ન થઈ.

'ચાલો મેડમ, હવે સ્ટેજ પરથી ઊતરીને વડીલોને પગે લાગવા જઈશું? નઈ નવેલી દુલ્હનના મોં પર લજ્જાની લાલી પથરાઈ ગઈ. આદિત્યએ હળવેથી હાથ પકડીને એને પગથિયાં તરફ દોરી. પગથિયાં ઊતરતાં એણે પરવીનને લગભગ તેડીને નીચે ઉતારી. સમજણી થઈ ત્યારથી માંડીને આજે એની જિંદગીનો એવો પહેલો દિવસ હતો જ્યારે એ પોતાના પગની જન્મજાત ખોડને સદંતર ભૂલી ગઈ હતી.

બંને સજોડે ખાનચાચીને પગે લાગ્યાં ત્યારે એ માંડમાંડ બોલ્યાં,

કેટલાય મુસ્લિમ છોકરાઓએ પરવીનને જોઈ હશે ને પસંદ પણ કરી હશે, પણ એના પગ કોઈને પસંદ નહોતા પડતા. તું પહેલવહેલો એવો છે કે જેણે ન જોયું હિંદુ કે મુસલમાન, ન જોયો ચહેરો કે પગ. જોયો તો બસ ફક્ત મારી દીકરીનો પાક આત્મા. સુખી થાવ, બેઉ ખૂબ સુખી ???.

(સુમિત મલિકની અંગ્રેજી વાર્તાને આધારે)

# મન, મસ્તિષ્ક અને મૌનની આંતરયાત્રા

**નોખી-અનોખી**
- કિંજલ પંડ્યા, પારડી



મન, મસ્તિષ્ક અને મૌન - આ ત્રણેય માનવ જીવનની આંતરિક યાત્રાના અતિ મહત્વપૂર્ણ તબક્કા છે. મસ્તિષ્ક એ વિચારોનું સરનામું છે, ભૌતિક જગત સાથે સંવાદ સાધવાનું સાધન છે અને તે સતત તર્ક, ગણતરી તથા અનુભવોને પ્રક્રિયાબદ્ધ કરવામાં રત રહે છે. જ્યારે મન એ ચેતનાનો એવો વહેતો પ્રવાહ છે જેમાં ભાવનાઓ, ઈચ્છાઓ અને સ્મૃતિઓનો તરંગ ઉછળે છે. મસ્તિષ્ક જો શરીરનું ચાલક બળ હોય, તો મન એ આત્મા અને શરીર વચ્ચેનો સેતુ છે. સામાન્ય રીતે મસ્તિષ્કની તાર્કિકતા અને મનની ભાવનાત્મકતા વચ્ચે ચાલતો સતત સંઘર્ષ જ મનુષ્યને અશાંત રાખે છે. વિચારોના આ અવિરત કોલાહલમાં જ મૌનનો આધ્યાત્મિક પ્રવેશ થાય છે.

મૌન એટલે માત્ર મુખ બંધ રાખવું કે વાણીનો ત્યાગ કરવો એટલું જ નથી, પરંતુ મન અને મસ્તિષ્કના વિચારોની ગતિને શાંત કરવી તે સાચું મૌન છે. આધ્યાત્મિક દ્રષ્ટિએ, જ્યારે મસ્તિષ્ક પોતાના તર્ક અને અહંકારને બાજુ પર મૂકે છે અને મન પોતાની ઈચ્છાઓના ચક્રવ્યૂહમાંથી બહાર નીકળે છે, ત્યારે મૌનની અનુભૂતિ થાય છે. આ અંદરનું મૌન એ શૂન્યતા નથી, પણ પૂર્ણતા છે. મૌન એ સચ્ચિદાનંદનો સાચો માર્ગ છે, જ્યાં ઈશ્વરીય અવાજ સંભળાય છે. જ્યારે મસ્તિષ્કના વિચારોનું ઘર્ષણ થંભી જાય અને મનની ભટકતી વૃત્તિઓ વિરામ લે, ત્યારે મૌનમાંથી એક અદભુત -જ્ઞા અને શાંતિનો જન્મ થાય છે. આ સ્થિતિમાં સાધકને સમજાય છે કે તે પોતે વિચારો કે ભાવનાઓ નથી, પરંતુ એ બધાનો કેવળ સાક્ષી છે. મૌનની આ ગહન અવસ્થામાં મન અને મસ્તિષ્ક બંને પરમ ચૈતન્યમાં વિલીન થઈ જાય છે, અને એ જ મનુષ્યનું અંતિમ આધ્યાત્મિક લક્ષ્ય છે.

આપણે દરરોજ જે જીવન જીવીએ છીએ તેમાં સવારથી સાંજ સુધી મસ્તિષ્ક અને મન સતત કાર્યરત રહે છે. મસ્તિષ્ક વિજ્ઞાનનો વિષય છે, તે શરીરનું એક ભૌતિક અંગ છે જે ચેતાતંત્ર સાથે જોડાયેલું છે. પરંતુ મન અદ્રશ્ય છે, તેનું કોઈ ભૌતિક અસ્તિત્વ નથી, છતાં તેની તાકાત મસ્તિષ્ક કરતાં પણ વિશાળ છે. મસ્તિષ્ક જો કમ્પ્યુટરનું હાર્ડવેર હોય, તો મન એનું સોફ્ટવેર છે. મસ્તિષ્ક વિચારો ઉત્પન્ન કરે છે અને મન તેમાં રાગ-દ્વેષ, હર્ષ-શોક કે સુખ-દુઃખ જેવા ભાવો ઉમેરે છે. માણસ જ્યારે ભૌતિક જગતમાં જીવે છે ત્યારે તેનું મસ્તિષ્ક નિર્ણય લેવામાં મદદ કરે છે, પણ જ્યારે તે આંતરિક જગતમાં પ્રવેશે છે ત્યારે તેણે આ બંનેથી પર જવું પડે છે.

અંતરની યાત્રામાં સૌથી મોટો વિઘ્ન મનનો ચંચળ સ્વભાવ છે. ભગવદ્ ગીતામાં પણ અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું હતું કે....

ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ
બલવદ્ દૃઢમ્।
તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ
સુદુષ્કરમ ૩૪

(હે કૃષ્ણ! આ મન બહુ ચંચળ, પ્રમથનશીલ (શરીર અને ઈન્દ્રિયોને વલોવી નાખનારું), બળવાન અને દ્રઢ છે; તેથી તેને વશમાં કરવું હું વાયુને રોકવાની માફક અત્યંત કઠિન માનું છું.) શ્રીભગવાનુવાચ

અસંશયં મહાબાહો મનો દુર્નિગ્રહં ચલમ્।
અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ૩૫

(હે મહાબાહો! એમાં કશો સંશય નથી કે મન ચંચળ અને વશમાં રાખવું કઠિન છે; પરંતુ હે કૌન્તેય! તેને અભ્યાસ (નિરંતર પ્રયત્ન) અને વૈરાગ્ય (આસક્તિનો ત્યાગ) દ્વારા વશમાં કરી શકાય છે.) મસ્તિષ્ક ભૂતકાળની યાદો અને ભવિષ્યની ચિંતાઓમાં સતત ભ્રમણ કરતું રહે છે. વર્તમાન ક્ષણમાં જીવવું એ જ આધ્યાત્મિકતાનો પ્રથમ પાઠ છે અને વર્તમાનમાં રહેવા માટે મૌન સૌથી મોટું શસ્ત્ર છે. જ્યારે આપણે બાહ્ય જગતથી મુખ મોડીને અંદર તરફ દ્રષ્ટિ કરીએ છીએ, ત્યારે આપણને ખ્યાલ આવે છે કે આપણી મોટાભાગની શક્તિ નકામા વિચારો અને નકામું બોલવામાં વેડફાઈ જાય છે. જ્યારે વ્યક્તિ મૌનની સાધના શરૂ કરે છે, ત્યારે -રંભમાં તેને અંદરનો કોલાહલ વધુ મોટો સંભળાય છે. મુખ બંધ કરવાથી વિચારો બંધ નથી થતા, બલ્કે મસ્તિષ્કમાં વિચારોનો વિસ્ફોટ થાય છે. પરંતુ ધીમે ધીમે, જો વ્યક્તિ એ વિચારો સાથે જોડાયા વગર, કેવળ એક સાક્ષીભાવે તેને જોયા કરે, તો વિચારો શાંત થવા લાગે છે. જેમ તળાવનું પાણી શાંત થાય ત્યારે જ તળિયે પડેલો મોતી દેખાય છે, તેમ મન અને મસ્તિષ્કની શાંતિ પછી જ આત્માનું અસ્તિત્વ અનુભવાય છે.

મૌન એ કોઈ નકારાત્મક સ્થિતિ નથી, પણ પરમ ચેતના સાથેનો સકારાત્મક સંવાદ છે. મોટાભાગના મહાન યોગીઓ, સંતો અને વિચારોએ મૌનનો આશ્રય લીધો હતો. બુદ્ધનું ધ્યાન હોય કે મહાવીરની તપસ્યા, એ બધા મૌનના જ ફળ હતા. બાહ્ય મૌનથી વાણીની શક્તિ સચવાય છે અને આંતરિક મૌનથી આત્મશક્તિનો સંચય થાય છે. મૌનમાં જ સૃષ્ટિના ગૂઢ રહસ્યો પ્રગટ થાય છે. મસ્તિષ્કની તાર્કિક સીમાઓ જ્યાં પૂરી થાય છે, ત્યાંથી જ મૌનની અનંત સીમાઓ શરૂ થાય છે.

આજના આધુનિક અને ઘોંઘાટભર્યા યુગમાં મન અને મસ્તિષ્ક બંને સતત તણાવમાં રહે છે. સોશિયલ મીડિયા, માહિતીનો અતિરેક અને હરીફાઈના કારણે મસ્તિષ્કની કાર્યક્ષમતા ઘટી રહી છે અને મન અશાંત બની રહ્યું છે. આવી સ્થિતિમાં રોજ થોડો સમય મૌન ધારણ કરવું એ માત્ર આધ્યાત્મિક જરૂરિયાત નથી, પણ માનસિક સ્વાસ્થ્ય માટે પણ અત્યંત જરૂરી છે. મૌન એ મસ્તિષ્ક માટે વિશ્રામ છે અને મન માટે ઔષધ છે. જ્યારે મસ્તિષ્કને શાંતિ મળે છે ત્યારે તેની સર્જનાત્મકતા વધે છે અને જ્યારે મન શાંત થાય છે ત્યારે જીવનમાં કરુણા, પ્રેમ અને સંતોષનો -ભાવ વધે છે. અંતે, મન, મસ્તિષ્ક અને મૌનનો આ ત્રિવેણી સંગમ જ માનવ જીવનને સાર્થક બનાવે છે. મસ્તિષ્ક આપણને જીવન જીવવાની દિશા આપે છે, મન આપણને સંવેદનશીલ બનાવે છે અને મૌન આપણને આપણા પોતાના સાચા સ્વરૂપ સાથે ઓળખાણ કરાવે છે. જીવનના આ અંતિમ સત્યને પામવા માટે આપણે અંદરના ઘોંઘાટને છોડીને મૌનના શરણમાં જવું પડશે, કારણ કે પરમ તત્વ બોલવામાં નથી, પણ સમજીને શાંત થઈ જવામાં છે.

# વિચારોનું સામ્રાજ્ય

## વ્યક્તિત્વના ઘડતરનો પાયો

**પ્રીતનું ઝરણું**
જ્યોતિ ઉત્પલ પંડયા, અતુલ

માનવજીવન એક એવી અનોખી સફર છે, જેમાં દરેક ક્ષણે વિચારોનું વિશેષ સ્થાન હોય છે. જીવનમાં બનતી દરેક ઘટના, લેવાતા દરેક નિર્ણય અને પ્રાપ્ત થતી દરેક સફળતા કે નિષ્ફળતા પાછળ આપણા વિચારો જવાબદાર હોય છે. તેથી જ કહેવાય છે કે 'મનુષ્ય જેવો વિચાર કરે છે, તેવો જ બની જાય છે. આપણા વિચારો જ આપણા વ્યક્તિત્વનું ઘડતર કરે છે અને જીવનને યોગ્ય દિશા આપે છે.

વિચારો એ મનની શક્તિ છે. સકારાત્મક વિચારો મનુષ્યમાં આત્મવિશ્વાસ, હિંમત અને આશાવાદ જગાવે છે, જ્યારે નકારાત્મક વિચારો ભય, નિરાશા અને અસફળતાની લાગણી જન્માવે છે. જો આપણે સારા વિચારોને જીવનમાં સ્થાન આપીએ તો આપણા વર્તનમાં સૌજન્ય, સહનશીલતા અને કરુણાનો વિકાસ થાય છે. આવી વ્યક્તિ સમાજમાં સન્માન મેળવે છે અને પોતાના કાર્યો દ્વારા બીજાઓને પણ પ્રેરણા આપે છે.

વિચારશીલ મનુષ્ય ક્યારેય ઉતાવળમાં નિર્ણય લેતો નથી. તે દરેક પરિસ્થિતિનું શાંતિથી મૂલ્યાંકન કરે છે, પરિણામો વિશે વિચાર કરે છે અને પછી યોગ્ય પગલું ભરે છે. તેની વિચારસરણી તર્ક, અનુભવ અને મૂલ્યો પર આધારિત હોય છે. આવા લોકો જીવનમાં આવતી મુશ્કેલીઓને પણ વિકાસની તક તરીકે સ્વીકારે છે. તેમની સકારાત્મક દૃષ્ટિ તેમને સતત આગળ વધવાની પ્રેરણા આપે છે.

આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં અનેક પ્રકારના વિચારો આપણા મનને ઘેરી લે છે. સોશિયલ મીડિયા, આસપાસનું વાતાવરણ અને વિવિધ અનુભવો આપણા વિચારોને અસર કરે છે. તેથી જરૂરી છે કે આપણે સારા પુસ્તકો વાંચીએ, મહાન વ્યક્તિઓના જીવનમાંથી પ્રેરણા લઈએ, સારા લોકોનો સંગ કરીએ અને પોતાના મનને હંમેશાં સકારાત્મક દિશામાં વાળવાનો પ્રયત્ન કરીએ. શુદ્ધ અને સર્જનાત્મક વિચારસરણી જીવનને સુખમય અને અર્થપૂર્ણ બનાવે છે.


વિચારોનું મહત્ત્વ માત્ર વ્યક્તિગત જીવન પૂરતું મર્યાદિત નથી. પરિવાર, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પણ સારા વિચારોની મહત્વપૂર્ણ ભૂમિકા છે. જે સમાજમાં સકારાત્મક વિચારસરણી ધરાવતા લોકો વધુ હોય છે ત્યાં પ્રેમ, એકતા, શાંતિ અને પ્રગતિનું વાતાવરણ સર્જાય છે. મહાન વૈજ્ઞાનિકો, સમાજસુધારકો અને નેતાઓએ પણ પોતાના ઉત્તમ વિચારોના બળે ઈતિહાસ રચ્યો છે.

અંતમાં કહી શકાય કે જીવનની દરેક રમત વિચારોની રમત છે. આપણા વિચારો જ આપણા વ્યક્તિત્વનું નિર્માણ કરે છે અને આપણા ભવિષ્યનો માર્ગ નક્કી કરે છે. તેથી આપણે હંમેશાં સારા, ઉન્નત અને રચનાત્મક વિચારો અપનાવવાનો સંકલ્પ કરવો જોઈએ. જ્યારે વિચાર શુદ્ધ બને છે, ત્યારે વર્તન સુંદર બને છે; વર્તન સુંદર બને ત્યારે વ્યક્તિત્વ ઉજ્જવળ બને છે; અને ઉજ્જવળ વ્યક્તિત્વ જ સફળ, સુખી અને અર્થપૂર્ણ જીવનનો સાચો આધાર બને છે.

દમણગંગા ટાઇમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

# ભૂલી તને જીવી જવાનું શક્ય તો નથી

**સંવેદન**
- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા



*કાયમ હવાને પૂછવાનું શક્ય તો નથી.*
*ભૂલી તને જીવી જવાનું શક્ય તો નથી.*
*એકાદ ક્ષણ પથ્થર થવાનું શક્ય તો નથી.*
*તું ક્યાં હતી? ક્યાં જાય છે છોડી ચમન હવે;*
*કાયમ હવાને પૂછવાનું શક્ય તો નથી.*
*ખૂટી ગયા જ્યાં શ્વાસ આ એવી ક્ષણે સતત;*
*આ કાળ સામે ઝૂઝવાનું શક્ય તો નથી.*
*મળશું હવે તો આવશો પાછા ફરી તહીં;*
*હોંચ્યા તમે ત્યાં પહોંચવાનું શક્ય તો નથી.*
*હમણાં જ હું તો આથમેલો સૂર્ય છું ભલા;*
*હમણાં જ પાછા ઊગવાનું શક્ય તો નથી,*
*અવિરત લગાવી ડૂબકી હું એટલું કહું;*
*દરિયા તણું તળ તાગવાનું શક્ય તો નથી.*
*(મહેકી હવાના ઘર તરફ માંથી)*

શ્યામ ઠાકોર

શ્યામ ઠાકોરની ગઝલ 'ભૂલી તને જીવી જવાનું શક્ય તો નથી' વિયોગની વેદનાને અત્યંત સંવેદનશીલ અને કલાત્મક અભિવ્યક્તિ આપતી ગઝલ છે. પ્રિયજનથી વિખૂટા પડ્યા પછી મનુષ્યની અંદર જે ખાલીપો જન્મે છે, જે સ્મૃતિઓ સતત સાથ આપે છે અને જેને ભૂલીને આગળ વધવું અશક્ય બની જાય છે, તેનું કરુણ ચિત્રણ આ ગઝલમાં જોવા મળે છે. ગઝલનો દરેક શેર પોતાની આગવી લાગણી ધરાવે છે, છતાં સમગ્ર ગઝલ એક જ કેન્દ્રિય ભાવ—પ્રિયજનના વિયોગની અસહ્ય પીડા—સાથે સંકળાયેલી રહે છે.

ગઝલનો મત્લા જ વાચકને કવિના અંતરજગતમાં લઈ જાય છે.

'ભૂલી તને જીવી જવાનું શક્ય તો નથી.
એકાદ ક્ષણ પથ્થર થવાનું શક્ય તો નથી.'

અહીં કવિ પોતાના ન્યિજનને ભૂલીને જીવન જીવવાની અશક્યતા વ્યક્ત કરે છે. માણસ ઈચ્છે તો પણ પોતાની લાગણીઓને એકાએક નિર્જીવ બનાવી શકતો નથી. 'પથ્થર થવું' એ લાગણીવિહીન બનવાનું પ્રતીક છે. કવિ કહે છે કે એકાદ ક્ષણ માટે પણ હૃદયને પથ્થર બનાવી દેવું શક્ય નથી, તો પછી સમગ્ર જીવનમાંથી પ્રિયજનની સ્મૃતિને કેવી રીતે કાઢી શકાય? આ શેરમાં પ્રેમની ઊંડાઈ અને લાગણીની અનિવાર્યતા બંને વ્યક્ત થાય છે.

બીજા શેરમાં કવિ વિયોગને પ્રકૃતિ સાથે જોડે છે

'તું ક્યાં હતી? ક્યાં જાય છે છોડી ચમન હવે;
કાયમ હવાને પૂછવાનું શક્ય તો નથી.'

અહીં 'ચમન' માત્ર બગીચો નથી; તે કવિના જીવનનું રૂપક બની જાય છે. પ્રિયજનના આગમનથી જે જીવન ચમન બની ગયું હતું, તે હવે તેના વિદાય પછી સૂનું બની ગયું છે. પ્રિયજન ક્યાં ગઈ, ક્યાં હતી—આ પ્રશ્નોના જવાબ કવિ પાસે નથી. તેથી તે જાણે હવાને પૂછે છે. 'હવા' અહીં સંદેશવાહકનું પ્રતીક બની છે. પરંતુ હવાને પણ વારંવાર પ્રશ્ન પૂછ્યા કરવું શક્ય નથી. આ શેરમાં પ્રકૃતિના તત્ત્વો દ્વારા વિયોગની વ્યથા વ્યક્ત કરવાની સુંદર કળા જોવા મળે છે.

ત્રીજા શેરમાં ગઝલની વેદના વધુ ઘેરી બને છે—

'ખૂટી ગયા જ્યાં શ્વાસ આ એવી ક્ષણે સતત;
આ કાળ સામે ઝૂઝવાનું શક્ય તો નથી.'

અહીં 'શ્વાસ ખૂટી જવાન્નનો અર્થ માત્ર શારીરિક શ્વાસ પૂરતો નથી. પ્રેમવિહોણા જીવનમાં જીવવાની શક્તિ ખૂટી જવાની વાત પણ તેમાં સમાયેલી છે. કવિ સામે ઊભેલો 'કાળ' સમય, વિયોગ અને અનિવાર્ય પરિસ્થિતિનું પ્રતીક બની જાય છે. જ્યારે પરિસ્થિતિ એટલી વિકટ બની જાય કે શ્વાસ પણ ભારરૂપ લાગે, ત્યારે તેની સામે સતત ઝઝૂમવું મુશ્કેલ બને છે. આ શેરમાં કવિની આંતરિક લાચારી ખૂબ જ અસરકારક રીતે વ્યક્ત થઈ છે.

ચોથા શેરમાં આશા અને અશક્યતાનું અનોખું સંયોજન જોવા મળે છે—

મળશું હવે તો આવશો પાછા ફરી તહીં;
હોંચ્યા તમે ત્યાં પહોંચવાનું શક્ય તો નથી.

આ શેરમાં કવિના મનમાં પ્રિયજનને ફરી મળવાની ઝંખના છે. 'આવશો પાછા ફરી તહીં'માં આશાનો સૂર છે, પરંતુ તરત જ 'ત્યાં પહોંચવાનું શક્ય તો નથી' કહીને કવિ એ આશાને વાસ્તવિકતાની કઠોર દીવાલ સાથે અથડાવે છે. જીવનમાં કેટલીક વિદાય એવી હોય છે કે જ્યાંથી પાછા ફરવું શક્ય નથી. કવિ આ અશક્યતાને ખૂબ જ સરળ શબ્દોમાં રજૂ કરે છે. પરિણામે શેરની અસર વધુ ઊંડી બને છે.

પાંચમો શેર ગઝલના સૌથી સુંદર અને શક્તિશાળી રૂપકોમાંથી એક રજૂ કરે છે—

'હમણાં જ હું તો આથમેલો સૂર્ય છું ભલા;
હમણાં જ પાછા ઊગવાનું શક્ય તો નથી,'

અહીં કવિ પોતાને 'આથમેલો સૂર્ય' કહે છે. સૂર્યાસ્ત જીવનમાં આવેલા અંધકારનું પ્રતીક છે. એકવાર સૂર્ય આથમે પછી તરત જ ફરી ઊગી શકતો નથી. તેને રાત પસાર થવાની રાહ જોવી પડે છે. એ જ રીતે કવિ પણ વિયોગના અંધકારમાં ડૂબી ગયો છે. 'હમણાં જ' શબ્દપ્રયોગ કવિની વર્તમાન પીડાને વધારે તીવ્ર બનાવે છે. વિયોગ તાજો છે, ઘા તાજો છે, એટલે તરત જ જીવનમાં પ્રકાશ પાછો આવે એવી અપેક્ષા રાખવી અશક્ય છે. સૂર્યનું રૂપક અહીં સમય અને જીવન બંનેની ગતિને વ્યક્ત કરે છે.

છેલ્લો શેર ગઝલને એક અત્યંત સુંદર તત્ત્વચિંતનાત્મક ઊંચાઈ આપે છે—

'અવિરત લગાવી ડૂબકી હું એટલું કહું;
દરિયા તણું તળ તાગવાનું શક્ય તો નથી.

'દરિયો' અહીં પ્રેમ, લાગણી અને સ્મૃતિનું વિશાળ રૂપક છે. કવિ કહે છે કે તેણે પ્રેમના દરિયામાં અવિરત ડૂબકીઓ લગાવી છે, છતાં તેની ઊંડાઈનો તાગ મેળવવો શક્ય નથી. આ માત્ર પ્રેમની ઊંડાઈની વાત નથી; માનવીય લાગણીઓની અનંતતાની વાત પણ છે. પ્રેમને સંપૂર્ણપણે માપી શકાતો નથી, તેની કોઈ અંતિમ સીમા નથી. જેટલું ઊંડું ઊતરો, તેટલું વધુ ઊંડાણ અનુભવાય. આ રીતે અંતિમ શેર સમગ્ર ગઝલના ભાવવિશ્વને એક વ્યાપક તત્ત્વચિંતન સાથે જોડે છે.

આ ગઝલનું એક મહત્ત્વનું લક્ષણ તેનો 'શક્ય તો નથી' રદીફ છે. દરેક શેરના અંતે આવતો આ રદીફ ગઝલના ભાવને એકસૂત્રમાં બાંધે છે. 'શક્ય તો નથી'નો સતત પુનરાવર્તન કવિની અસમર્થતા, લાચારી અને વિયોગની તીવ્રતાને વધુ ઘેરી બનાવે છે. કવિ જે કંઈ કહે છે, તેના અંતે જાણે એક જ નિષ્કર્ષ આવે છે. આ બધું કરવું મનુષ્ય માટે શક્ય નથી. પ્રેમને ભૂલવો શક્ય નથી, લાગણીને પથ્થર બનાવી દેવી શક્ય નથી, ભૂતકાળને પાછો લાવવો શક્ય નથી અને પ્રેમની ઊંડાઈ માપવી પણ શક્ય નથી.

ગઝલમાં 'ચમન', 'હવા', 'શ્વાસ', 'કાળ', 'સૂર્ય' અને 'દરિયો' જેવા પ્રતીકોનો સુંદર ઉપયોગ થયો છે. આ પ્રતીકો ગઝલને માત્ર વ્યક્તિગત પ્રેમની વાત ન રહેવા દેતાં તેને સાર્વત્રિક અનુભૂતિ બનાવે છે.

ભાષાની દૃષ્ટિએ પણ ગઝલ સહજ, પ્રવાહી અને ભાવસભર છે. કવિએ અઘરા શબ્દો કે અલંકારોનો બોજો મૂકવાને બદલે સામાન્ય જીવનમાં વપરાતા શબ્દોમાં ઊંડી લાગણી વ્યક્ત કરી છે.

ગઝલમાં વિયોગ-શૃંગાર રસનું પ્રાધાન્ય છે, પરંતુ તેની સાથે કરુણરસની છાયા પણ સ્પષ્ટ અનુભવાય છે. પ્રેમ અહીં મિલનની ખુશી કરતાં વિયોગની પીડા દ્વારા વધુ ઉજાગર થાય છે. પ્રિયજનની ગેરહાજરી જ પ્રિયજનની હાજરીને વધુ તીવ્ર બનાવે છે. એટલે ગઝલ વાંચતાં વાચકને માત્ર કવિની વ્યથા નથી અનુભવાતી, પરંતુ પોતાની કોઈ જૂની સ્મૃતિ, કોઈ અધૂરી લાગણી કે કોઈ અપૂર્ણ સંબંધની યાદ પણ આવી શકે છે.

કવિ શ્યામ ઠાકોરે સરળ ભાષા, અસરકારક પ્રતીકો, સુંદર રૂપકો અને 'શક્ય તો નથી' જેવા સશક્ત રદીફ દ્વારા વિયોગની એવી અનુભૂતિ સર્જી છે કે ગઝલ પૂરી થયા પછી પણ તેનો ભાવ મનમાં લાંબો સમય ગુંજતો રહે છે. આ ગઝલનો મૂળ સંદેશ જાણે એટલો જ છે કે સાચો પ્રેમ જીવનમાંથી દૂર થઈ શકે, પરંતુ હૃદયમાંથી સહેલાઈથી દૂર થતો નથી. પ્રેમની યાદને ભૂલી જવું, લાગણીને પથ્થર બનાવી દેવી કે તેના અસ્તિત્વની ઊંડાઈ માપી લેવી— આ બધું ખરેખર 'શક્ય તો નથી.'

# વાવાઝોડું એટલે!

**શબ્દથી શબ્દ સુધી**
રમેશ પટેલ, સુરત



હવા ગતિમાં હોય એને પવન કહેવાય. પવન અમર્યાદિત ગતિમાં હોય એને વાવાઝોડું કહેવાય. વાવાઝોડાંથી કેટલાય દીપકો હોલવાઇ જતા હોય છે. કુદરતનું વરાક્ષસી સ્વરૂપ એટલે વાવાઝોડું.

વાવાઝોડામાં અસંખ્ય વૃક્ષો ધરાશય થાય છે, પરંતુ ઘાસને કોઈ નુકસાન થતું નથી. ઘાસ યથાવત્ રહે છે.. પરંતુ વૃક્ષો પડી જાય છે.

ખેડૂતો માટે આકાશી આફત તૂટી પડે છે .ખેડૂતોની આખા વર્ષની મહેનત પાણીમાં જાય છે. ખેડૂત લાચાર બની કુદરતનો આ ખેલ રડતી આંખે જોયા કરે છે!!!

વૃક્ષો પડી જાય છે એટલે પંખીઓ બેઘર બને છે... એમ જ ગરીબ માણસની ઝૂંપડી ઊડી જાય છે અને તેઓ પણ બેઘર બને છે.

વાવાઝોડું એ કુદરતની અચાનક આવતી ભયાનક આફત છે. કુદરતની આવી ઘટના આગળ માનવી લાચાર અને વામણો છે!

વાવાઝોડું એ એક ભૌગોલિક પરિસ્થિતિનું કડવું ફળ ... છે.

વા... એટલે હવા ,હવા જ્યારે તોફાન કરે છે ત્યારે વાવાઝોડું સર્જાય છે!

વાવાઝોડું આવે ત્યારે જોરદાર પવન ફૂંકાય અને એના મિત્ર માવઠુંને પણ સાથે લઈ આવે છે. છાપરાઓના પતરાંને પાંખ પહેરાવી પક્ષીઓની માફક આકાશમાં ઊડાવાનું શીખવે છે ! ખેતીના તૈયાર થયેલા પાકનું ખેદાન-મેદાન કરી નાખે છે. ખેડૂતો વાવાઝોડાંને કારણે પાયમાલ થઈ જાય છે. વાવાઝોડું ધુળનું વાદળ પણ બનાવે છે. વાવાઝોડું કચરાનું એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કરે છે. વાવાઝોડું સમુદ્રને કિનારા સુધી તેડી લાવે છે! ધુળના રજકણોના કારણે વિઝિબિલિટી ઓછી થઈ જાય છે અને વાહનોનો અકસ્માત થવાનો પણ ભય રહે છે. વાવાઝોડું સરકારની કમર પણ તોડી નાખે છે!



## 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન'

**(ભગવદ્ ગીતા - અધ્યાય ૨, શ્લોક ૪૭)**

ભગવદ્ ગીતાનો આ પ્રસિદ્ધ શ્લોક જીવનમાં કર્મયોગનું અમૂલ્ય માર્ગદર્શન આપે છે. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવે છે કે મનુષ્યનો અધિકાર માત્ર પોતાના કર્તવ્ય અને કર્મ પર છે, તેના ફળ પર નથી. તેથી વ્યક્તિએ કોઈપણ કાર્ય નિષ્ઠા, પ્રામાણિકતા અને સંપૂર્ણ સમર્પણથી કરવું જોઈએ, પરંતુ તેના પરિણામને લઈને ચિંતા, આસક્તિ અથવા અહંકાર રાખવો જોઈએ નહીં. જ્યારે મનુષ્ય ફળની અપેક્ષા છોડીને માત્ર કર્તવ્યભાવથી કાર્ય કરે છે, ત્યારે તેનું મન શાંત રહે છે, કાર્યમાં શ્રેષ્ઠતા આવે છે અને જીવનમાં સાચી સફળતા તથા આંતરિક આનંદ પ્રાપ્ત થાય છે. આ શ્લોક આપણને નિષ્કામ કર્મ, ધૈર્ય અને સમત્વનો અમૂલ્ય સંદેશ આપે છે.

## વલસાડ જિલ્લા ભાજપ સંગઠનમાં આઈટી, સો. મીડિયા અને મીડિયા વિભાગના હોદ્દેદારો વરણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ હેમંત કંસારા દ્વારા ભાજપના વિવિધ મોરચા અને સેલને વધુ સક્રિય તથા મજબૂત બનાવવાના હેતુથી નવી નિમણૂકો કરવામાં આવી છે. આર્ગનાઈઝેશનને ડિજિટલ અને મીડિયા ક્ષેત્રે વધુ વેગ આપવા માટે આઈ.ટી., સોશિયલ મીડિયા અને મીડિયા સેલના સહ કન્વીનર પદે સત્તાવાર હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. આઈ.ટી સહ કન્વીનર ઉર્વીશ કુંતેશભાઇ ભટ્ટ, આઈ.ટી. સહ કન્વીનર શિરીષભાઇ છનાભાઈ ભોયા, સોશીયલ મિડીયા સહ કન્વીનર નિલેશ હરિચંદ્ર તિવારી, સોશીયલ મિડીયા સહ કન્વીનર રોનક કિરણસિંહ જાદવ, મિડીયા સહ કન્વીનર જય પૂર્વેશ વૈદની નિમણૂક થતા તેઓને અભિનંદન પાઠવ્યા હતા.

નવા નિમણૂક પામેલા હોદ્દેદારો ભાજપની નીતિ-રીતિઓ અને લોકકલ્યાણકારી યોજનાઓને જન-જન સુધી પહોંચાડવામાં સક્રિય ભૂમિકા ભજવશે.

## પોદાર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓએ ફંડફાળો કરી પૂરગ્રસ્તોની સહાય કરી






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૭ : વાપીની પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલમા પૂરગ્રસ્ત પરિવારની સહાય માટે દાન અભિયાન કાર્યક્રમનું આયોજન કરાયું હતું જેમાં સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ઘરવખરી માટેની વિવિધ ચીજ વસ્તુઓનું દાન અપાયું

તાજેતરમાં જ સમગ્ર દક્ષિણ ગુજરાત અને વાપી પંથકમાં થયેલા ભારે વરસાદ અને પૂરના કારણે અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે આવા સંજોગોમાં માનવતા અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતી વાપીની ઓધાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા પૂરગસ્ત પરિવારની સહાય માટે વિશેષ સહાય અભ્યાન યોજવામાં આવ્યું હતું આ અભિયાનમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ભાગ લીધો હતો ઘરવખરી માટે અનાજ કપડા બિસ્કીટ દૈનિક ઉપયોગી ચીજ વસ્તુઓ તથા અન્ય જરૂરી સામગ્રીઓની સહાય પોતપોતાના અનુરૂપે કરીને માનવતા સેવાનો ઉત્તમ સંદેશ આપ્યો હતો આ તમામ એકત્રિત થયેલી ચીજ વસ્તુઓ ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ પરિષદના સભ્યો અને શિક્ષકો દ્વારા પૂરગ્રસ્ત પરિવાર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી આ અભિયાન દ્વારા વિદ્યાર્થીઓમાં સહકાર સેવા કરુણા સહાનુભૂતિ અને સામાજિક જવાબદારી જેવા મૂલ્યોનો વધુ વિકાસ થયો હતો આ અભિયાન માત્ર સહાય પૂરતું જ નહીં પરંતુ મુશ્કેલીના સમયમાં એકબીજાની સાથે ઉભા રહેવાનો પ્રેરણાદાયી સંદેશો પણ આપવામાં આવ્યો હતો સમગ્ર કાર્યક્રમ વાપી પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલના આચાર્ય શ્રીમતી જરીન ઉનાવાલા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો

## પારડીની જે.પી. પારડીવાલા કોલેજમાં બે દિવસીય સાયબર જાગૃતિ વર્કશોપ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** ધી પારડી એજ્યુકેશન સોસાયટી સંચાલિત, જે. પી. પારડીવાલા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડી ખાતે Knowledge Consortium of Gujarat KCG ના કવચ કેન્દ્ર અને વલસાડ જિલ્લા સાયબર પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે બે દિવસીય જિલ્લા કક્ષાનો સાયબર સુરક્ષા જાગૃતિ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમની પ્રથમ દિવસની શરૂઆત ભારતીય સંસ્કૃતિના પ્રતિકરૂપ તુલસીને જળ અર્પણ કરીને અને બીજા દિવસની શરૂઆત ૐ મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈએ બન્ને દિવસે ઉપસ્થિત મહાનુભાવો, વલસાડ જિલ્લા સાયબર પોલીસના પીએસઆઇ ત્રિપાઠી અને તેમની સમગ્ર ટીમ, રિસોર્સ પર્સન્સ ડૉ. દિપેશભાઈ શાહ અને ડૉ. હિતેશભાઈ શર્મા તેમજ વલસાડ જિલ્લાની વિવિધ આઠ કૉલેજોમાંથી આવેલા સહભાગીઓનું સ્વાગત કરી વર્કશોપના હેતુ અંગે માર્ગદર્શન આપ્યું હતું વર્કશોપના પ્રથમ દિવસે વલસાડ જિલ્લા સાયબર પોલીસના પીએસઆઇ ત્રિપાઠીસાહેબ દ્વારા સાયબર ગુનાઓના વિવિધ પ્રકારો, ઓનલાઈન છેતરપિંડી, સોશિયલ મીડિયા સુરક્ષા, ડિજિટલ પેમેન્ટમાં સાવચેતી, સાયબર હેલ્પલાઈન ૧૯૩૦, નેશનલ સાયબર ક્રાઈમ રિર્પોટિંગ પોર્ટલ તથા સાયબર ગુનાઓથી બચવાના વ્યવહારુ ઉપાયો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

વર્કશોપના બીજા દિવસે ફરીથી વલસાડ જિલ્લા સાયબર પોલીસની ટીમ દ્વારા સાયબર ફ્રોડથી બચવા માટે યુવાનોએ સોશ્યિલ મીડિયા પ્લેટફોર્મ પર કેવા કેવા setting કરવા જોઈએ તે વિશે માહીતી આપવામાં આવી હતી આ સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ કવચ કેન્દ્રના પારડી કોલેજના સાયબર સેલના કૉ ઓર્ડીનેટર ડૉ. બિંદુ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. વર્કશોપને વધુ સફળ બનાવવા માટે કૉલેજના પ્રા. જીતેન્દ્રભાઈ ટંડેલ, પ્રા. મુકેશસિંહ સોલંકી, પ્રા. વૈશાલીબેન ચાવડા અને પ્રા. રશ્મિબેન પરમાર તેમજ ભૂતપૂર્વ પ્રા. પરમારનો સંપૂર્ણ સાથ સહકાર મળ્યો હતો. આ વર્કશોપ દ્વારા સહભાગીઓમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ વધારવા તેમજ સુરક્ષિત અને જવાબદાર ડિજિટલ જીવન જીવવા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ કરવાનો હેતુ સફળતાપૂર્વક સિદ્ધ થયો હતો.

## વાપી જેબીએન દ્વારા એઆઈ અંગે વર્કશોપ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** જેબીએન વાપી દ્વારા જેબીએન સીએફઈના સહયોગથી તથા JITO Vapi Chapterના માર્ગદર્શન હેઠળ હોટેલ ડેફોડિલ, ગેલેક્સી, વાપી ખાતે બિઝનેસ ઓનર્સ માટે AI વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૫૦ જેટલા ઉદ્યોગપતિઓ, વેપારીઓ, પ્રોફેશનલ્સ અને બિઝનેસ ઓનર્સે ભાગ લીધો હતો.

બિઝનેસ કન્સલ્ટન્ટ એલન કુરિયાચને ChatGPT, Claude અને Goo gle Gemini જેવા AI ટૂલ્સનો વ્યવસાયમાં અસરકારક ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. વર્કશોપ દરમિયાન પ્રેઝન્ટેશન તૈયાર કરવા, ગ્રાહકો સાથે સંવાદ, દસ્તાવેજોનું વિશ્લેષણ, માર્કેટ રિસર્ચ અને વ્યવસાયની કાર્યક્ષમતા વધારવા માટે AIના ઉપયોગ અંગે લાઈવ ડેમો અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. ર્યક્રમમાં ઉપસ્થિત સભ્યોએ AIના વિવિધ ઉપયોગો અંગે માહિતી મેળવી અને પોતાના વ્યવસાયમાં નવી ટેક્નોલોજી અપનાવવા માટે પ્રેરણા મેળવી હતી.આ કાર્યક્રમનુંઆયોજન JBN Vapi દ્વારા JBN CFEના સહયોગથી તથા JITO Vapi Chapterના ચેરમેન અભય શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## અંબાચમાં પરગ્રસ્ત વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** પારડી તાલુકાના અંબાચ ગામમાં અનેક પરિવારો અને વિદ્યાર્થીઓને ભારે નુકસાન વેઠવું પડ્યું હતું. પૂરનાં પાણીમાં વિદ્યાર્થીઓની પુસ્તકો, નોટબુક, સ્કૂલ બેગ સહિતનું શૈક્ષણિક સામાન નષ્ટ થઈ જતાં તેમના અભ્યાસ પર અસર ન પડે તે હેતુથી ભારતીય જનતા યુવા મોરચા દ્વારા સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું આ અંતર્ગત અંબાચ ગામની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ૧૨૫થી વધુ પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય અદિતિ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય સ્નેહલ પટેલ, ભારતીય જનતા યુવા મોરચા વલસાડ જિલ્લા મહામંત્રી મયંક પટેલ, પારડી તાલુકા યુવા મોરચા પ્રમુખ રવિ પટેલ, વલસાડ તાલુકા યુવા મોરચા પ્રમુખ ઋષિરાજ ઠાકોર, જિલ્લા મહામંત્રી ભાગ્યેશ પટેલ સહિત ભારતીય જનતા યુવા મોરચાના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

## નાનાપોંઢા એપીએમસીમાં મહિલા કર્મયોગી દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા નારી વંદના ઉત્સવની ઉજવણી અંતર્ગત નાનાપોંઢા તાલુકાના એપીએમસી ખાતે મહિલા કર્મયોગી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નાનાપોંઢા મહેતા પ્રા. લી. અને વડખભા બ્રાસ કોપર પ્રા. લી. કંપનીની મહિલા કામદારોને એકત્રિત કરીને કામકાજના સ્થળે મહિલાઓની થતી જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત મહિલાઓ પોતાની ફરિયાદ ક્યાં અને કેવી રીતે કરી શકે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મહિલા અભયમ હેલ્પલાઈન ૧૮૧ તથા પોલીસ ઈમરજન્સી હેલ્પલાઈન ૧૧૨ વિશે માહિતી આપવામાં આવી હતી. સાથે જ ભારત સરકાર દ્વારા મહિલાઓ માટે અમલમાં રહેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓની પણ જાણકારી આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં નાનાપોંઢા તાલુકા પ્રમુખ મનીષાબેન પટેલ, મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિના અધ્યક્ષ દક્ષાબેન ચૌધરી, તાલુકા પંચાયત સભ્ય તથા એપીએમસી ચેરમેન મુકેશભાઈ પટેલ, વલસાડના મહિલા અને બાળ અધિકારી શ્વેતા આર. દેસાઈ, દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી કમલેશભાઈ ગીરાસે, નાનાપોંઢા મહેતા પ્રા. લી.ના મેનેજર રાજેન્દ્રભાઈ તથા વડખભા બ્રાસ કોપર પ્રા. લી.ના મેનેજર છોટુભાઈ સહિત મોટી સંખ્યામાં મહિલા કામદારો ઉપસ્થિત રહ્યા હતાં.

## ધરમપુરમાં આર્ચ દવાખાના પાસે ધસી પડેલા રોડનું પુરાણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૭ :** ધરમપુર નગરપાલિકા વિસ્તારમાં આર્ચ દવાખાના પાસે નવા પુલના આગમનને અડીને રોડ ધસી પડતાં સર્જાયેલા જોખમ અંગે દમણગંગા ટાઈમ્સમાં અહેવાલ પ્રકાશિત થયા બાદ આખરે નગરપાલિકા તંત્ર હરકતમાં આવ્યું છે.

ભારે વરસાદના કારણે રોડ ધસી પડતાં મોટો ખાડો પડ્યો હતો




અને અકસ્માતનો ભય ઉભો થયો હતો. અહેવાલ બાદ પાલિકા દ્વારા સ્થળ પર જેસીબી મોકલી રો-મટીરિયલથી ખાડાનું પુરાણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સ્થાનિકોએ તંત્રની કાર્યવાહીનું સ્વાગત કર્યું છે, પરંતુ કામચલાઉ પુરાણને બદલે રોડનું કાયમી અને ગુણવત્તાસભર સમારકામ કરવામાં આવે તેવી માંગ પણ ઉઠાવી છે. દમણગંગા ટાઈમ્સના અહેવાલ બાદ તંત્ર હરકતમાં આવતાં સ્થાનિકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

## વાપીની એલ.જી. હરિયા સ્કુલના બાળકો વક્તૃત્વ સ્પર્ધામાં ઝળક્યાં




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપીની શ્રી.એલ.જી હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલની પ્રગતિ ૪ જૂન ૨૦૨૬ના રોજ સેલવાસ સ્થિત પ્રભાત સ્કોલર્સ એકેડેમી, દ્વારા આયોજિત ઈન્ટર સ્કૂલ વકૃત્વ સ્પર્ધા અને ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓનું સુંદર પ્રદર્શન રહ્યું . શાળા ના ગૌરવશાળી વિજેતાઓઁ ગ્રુપ ૧ - વકૃત્વ સ્પર્ધામાં કુમારી સીયા પટેલ - ધોરણ ૪, પ્રથમ ક્રમ. ગ્રુપ ૨. વકૃત્વ સ્પર્ધામાં કુમારી આન્યા રાય ધોરણ ૭, દ્વિતીય ક્રમ. ગ્રુપ ૩ ક્વિઝ કોમ્પિટિશનમાં માસ્ટર અનમોલ શ્રીવાસ્તવ ધોરણ૧૦ અને માસ્ટર રિશી મિશ્રા ધોરણ ૧૧, ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે.

સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને, શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્ય બીજ્ઞી પોલ તથા સ્ટાફ વતી અભિનંદન પાઠવવામાં આવે છે.

## આદિવાસી સંસ્કૃતિ : વિશ્વને માર્ગ બતાવતી જીવનશૈલી



**નવીનભાઈ પટેલ**
**(નિવૃત્ત શિક્ષક, આસમા)**

વિશ્વભરમાં દર વર્ષે ૯ ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ માત્ર ઉજવણીનો પ્રસંગ નથી, પરંતુ આદિવાસી સમાજના ઈતિહાસ, સંસ્કૃતિ, પરંપરા, અધિકારો અને વિશ્વ માનવતાને આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કરવાનો અવસર છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ વિશ્વના આદિવાસી સમુદાયોના અધિકારોનું રક્ષણ કરવો તેમજ તેમની સંસ્કૃતિ અને જીવનમૂલ્યોનું જતન કરવું છે.

ભારતનો આદિવાસી સમાજ પ્રકૃતિ સાથે સહઅસ્તિત્વમાં જીવવાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. જંગલો, નદીઓ, પહાડો અને ધરતીને દેવતાસ્વરૂપ માનીને તેમની પૂજા કરવાની પરંપરા આજે પણ જીવંત છે. આદિવાસી જીવનમાં પ્રકૃતિ માત્ર જીવનનિર્વાહનું સાધન નથી, પરંતુ આસ્થા, સંસ્કૃતિ અને જીવનદર્શનનું કેન્દ્ર છે. તેથી જ આદિવાસી સમાજે સદીઓથી પર્યાવરણનું સંરક્ષણ કરીને સમગ્ર વિશ્વને ટકાઉ વિકાસનો સાચો માર્ગ બતાવ્યો છે.

આદિવાસી સમાજની લોકકલા, લોકનૃત્ય, લોકસંગીત, પરંપરાગત વાજિંત્રો, લોકવસ્ત્રો અને તહેવારો તેની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહર છે. દરેક તહેવારમાં પ્રકૃતિ પ્રત્યે આભાર વ્યક્ત કરવાનો ભાવ જોવા મળે છે.

સમૂહમાં જીવન જીવવું, એકબીજાને સહકાર આપવો, વડીલોનો આદર કરવો અને સામાજિક એકતા જાળવવી એ આદિવાસી સંસ્કૃતિના મુખ્ય આધારસ્તંભો છે.

આજે સમગ્ર વિશ્વ પર્યાવરણ પ્રદૂષણ, આબોહવા પરિવર્તન અને જંગલોના વિનાશ જેવી ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં આદિવાસી સમાજનું જીવનદર્શન સમગ્ર માનવજાત માટે પ્રેરણારૂપ બની શકે છે. પ્રકૃતિ સાથે સંતુલિત જીવન જીવવાની તેમની પરંપરા આજના યુગની સૌથી મોટી જરૂરિયાત છે.

વિશ્વ આદિવાસી દિવસ આપણને સંદેશ આપે છે કે વિકાસની સાથે સંસ્કૃતિ અને પ્રકૃતિનું પણ સંરક્ષણ જરૂરી છે. નવી પેઢીએ પોતાના વારસા, ભાષા, સંસ્કૃતિ અને પરંપરાગત જ્ઞાનને જાળવી રાખીને આધુનિક શિક્ષણ અને વિકાસના માર્ગે આગળ વધવું જોઈએ. સમાજમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, મહિલા સશક્તિકરણ અને આર્થિક વિકાસ માટે પણ સંગઠિત -યાસો કરવાની જરૂર છે.

આપણે સૌ ૯ ઓગસ્ટના વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી માત્ર ઉત્સવ તરીકે નહીં, પરંતુ પોતાના ગૌરવ, ઓળખ અને સંસ્કૃતિ -ત્યેના સંકલ્પ તરીકે કરીએ. આવનારી પેઢીને આદિવાસી સંસ્કૃતિના અમૂલ્ય મૂલ્યો વારસામાં આપીએ અને પ્રકૃતિના સંરક્ષણનો સંદેશ સમગ્ર સમાજ સુધી પહોંચાડીએ.

આદિવાસી સંસ્કૃતિ માત્ર એક સમાજની ઓળખ નથી, પરંતુ પ્રકૃતિ સાથે સુમેળમાં જીવવાનું વિશ્વને મળેલું અમૂલ્ય જીવનદર્શન છે.

# હેપ્પી રિટાયરમેન્ટ : જીવનની દરેક ક્ષણને ભરપૂર જીવી લ્યો

નિરંજનભાઈ રિટાયર થઇ ગયા. એમનો વિદાય સમારંભ ઊજવાઈ ગયો. સહકાર્યકરોએ એમનાં પેટ ભરીને વખાણ કર્યાં. (જો કે, નોકરીમાં હતા ત્યારે નિરંજનભાઈ એમને બહુ ગમતા નહી... પણ હવે તો જાય જ છે ત્યારે... શું કામ ન ગમતી વાતો કરવી !) અત્યાર સુધી નોકરીના કારણે કુટુંબને ટાઈમ આપી જ નહીં શક્યા એનો અફસોસ થતો હતો, પણ હવે વ્યાજ સાથે એ ચૂકવી દેવો હતો ! રોજ તો સવારે તૈયાર થઈને ટિફિન લઈને નીકળી જતા, તે છે....ક સાંજે પાછા આવતા. છોકરાંઓ સવારે સૂતાં હોય અને રાત્રે વહેલાં સૂઈ ગયાં હોય, એટલે એ ક્યારે મોટાં થઇ ગયાં, એ પણ એમને ખ્યાલ નહોતો. ક્યારે પણ કુટુંબ સાથે બેસીને નિરાંતે વાતો કરી હોય એવું એમને યાદ પણ નહોતું આવતું. આ બધું જ હવે કરવું છે. બસ, દિલથી જીવવું છે. કુટુંબ માટે જ અત્યાર સુધી મહેનત કરી છે, હવે એમની સાથે આનંદ કરવો છે.


વિશ્વેશભાઈ અને વિશ્વાબહેને સરસ પર બનાવ્યું. ગ્રાઉન્ડ ફલોર પર ડ્રોઈંગ રૂમ અને કિચન ડાઈનિંગ જ અને પહેલે માળે સૂવાના રૂમ્સ, પણ હવે જ્યારે પગના સાધાનો દુઃખાવો થવા માંડ્યો ત્યારે ખબર પડી કે... અને હા... પહેલાં તો દેશી સંડાસમાં જ જવાય આરોગ્ય માટે સારું, પણ હવે...?

ઘર તો નાનું જે સારું અને એમાં પણ દાદરા ન ચડવા પડે એવું - આવું બધું મોટી ઉંમરે ખબર પડી.

રિટાયર થવું એટલે શું ? જે કાર્ય વર્ષોથી કરતાં હતાં - પૈસા કમાવા માટે, જેથી કુટુંબનું ભરણપોષણ કરી શકાય, બાળકોને સારું શિક્ષણ આપી શકાય, બાળકોનાં લગ્નના ખર્ચા, બા-બાપુજીનરાં મેડિકલ બિલ વગેરે વખતે તકલીફ ન પડે, એ કાર્ય - અર્થપૂર્ણ કાર્ય (જે કાર્ય કરવા માટે તમને 'અર્થ' પૈસા મળતા હોય એવું કાર્ય !) હવે તમે નહીં કરો અને ખરેખર તમને ગમે એવું એટલે કે સાચા અર્થમાં અર્થપૂર્ણ કાર્યમાં જોડાવું એટલે નિવૃત્તિ -રિટાયરમેન્ટ આમ જોઈએ તો તમે જે નોકરી-ધંધો કરતા હો છો, એમાં તમને મજા જ આવતી હોય એવું કેટલાનાં મોઢે સાંભળ્યું છે ? અમેરિકામાં એક સર્વે થયો હતો, જેમાં લોકોનો અભિપ્રાય હતો કે ફક્ત ૧૩ ટકા લોકો જ જે કાર્ય તેઓ કરતા હતા, એને તેઓ પ્રેમથી કરતા હતા, બાકીના પૈસા માટે ન ગમતું કાર્ય કરતા હતાં. ખાલી પેટ કે વાસ્તે ! અને આમ ને આમ જિંદગીના ૩૦ - ૩૫ વર્ષો - ન છૂટકે કરવું પડતું કાર્ય. છેવટે રિટાયરમેન્ટ વખતે તો તમે એનાથી દૂર થઈ શક્યા, એનો આનંદ પણ ઘણીવાર નથી આવતો ! કેમ કે, નિવૃત્તિ પછી હવે શું કરવું ? કામ વગર - એકલતાથી, બીજા સાથે મળવાની, કોઈને મદદરૂપ થવાની પહેલાંથી જ ઓછી આદત હતી. બસ, આપણું કામ એટલે કામ, બીજી માથાકૂટ કરવી નહીં ! આમ, આવી રિટાયરમેન્ટ પછીની એકલતા ડિપ્રેશન, ચિંતા અને બીજા માનસિક રોગોને નોતરે છે. પુરુષોને છગણું અને સ્ત્રીઓને આ જોખમ પુરુષો કરતાં ઓછું હોય છે, કેમ કે શાકવાળાની લારીએ, મંદિરે કે પછી પડોશીઓની સાથે એમને તો સમય જ ખૂટે.

આ રિટાયરમેન્ટનું ઓફિશિયલ ચલણ ક્યારથી શરૂ થયું ? અમેરિકાના પ્રમુખ ફ્રેન્કિલન રુઝવેલ્ટે ૧૯૩૫માં કાયદો પસાર કર્યો કે ૬૫ વર્ષની ઉંમરે નિવૃત્તિ લેવી... અને ત્યારબાદ આ કાયદો આખાં વિશ્વમાં ફેલાયો. જો કે, દરેક દેશે નિવૃત્તિકાળ અલગ અલગ રાખ્યો છે. જેમ કે, ભારતમાં ૫૮ અને ૬૦ વર્ષ છે.

રિટાયરમેન્ટ શા માટે લેવું જોઇએ અમુક ઉંમરે કામ કરવાની શારીરિક ક્ષમતા તેમજ માનસિક શક્તિઓ ઘટે



પ્રતીકાત્મક તસ્વીર

છે, એટલે અમુક કાર્યો જે યુવાનીમાં તમે સહેલાઈથી શક્તા હતા, તે હવે મુશ્કેલ લાગવા માંડે છે. બીજું, જો તમે નિવૃત્ત થશો જ નહીં, તો પછી તરવરિયા યોગ્ય યુવાન ઉમેદવારો શું કરશે ? અને ત્રીજું, સિનિયરોને જે પગાર નિવૃત્તિ વખતે અપાતો હોય એના કરતાં ઘણા ઓછા પગારમાં વધુ શારીરિક શક્તિ તેમજ માનસિક રીતે સ્વસ્થ યુવાનો સહેલાઈથી મળી જ રહે છે. આમ, બેકારી ઓછી થાય અને નાણાંનો બોજ પણ ઘટે અને કાર્યક્ષમતા વધે.



**ડોક્ટર કહે છે**
**- ડો. યોગેશ વેલાણી**

રિટારમેન્ટ વખતે કયા કયા પ્રોબ્લેમ્સ આવે છે ? સામાન્ય રીતે ૬૦ વર્ષ કે એથી વધુ ઉંમરે શરીરરૂપી એન્જિન નબળું પડે છે એટલે આંખ, કાન, દાંત, ઘૂંટણના સાંધા પ્રબધાં જ જવાબ દઈ દે છે! ઉંમરનાં કારણે ડિજનરેટિવ રોગો વશબોલાવે આવી પહોંચે છે. ડાયાબિટીસ, બી.પી, હૃદયની તકલીફો, મગજની ભૂલવાની તકલીફો, પાચનતંત્ર ઓછું કામ કરે છે, જેથી ગેસ, પેટ ફૂલી જવું, કબજિયાત વગેરે પણ ધામા નાખે છે ! આમ, શારીરિક પ્રશ્નો આ ઉંમરે આવવા સ્વાભાવિક છે.

વિશ્વમાં લગભગ ૨૦ એટલે કે દરેક પાંચમી વ્યક્તિ ૬૦ કે તેથી મોટી ઉંમરની છે. ફર્ટિલિટી રેટ ધીમે ધીમે ઘટતો જાય છે. પહેલાં દરેક કપલના ત્રણથી ચાર બાળક હતાં, તે ધીમે ધીમે અમે બે, અમારાં બે ઉપર અને હવે અમે બે, અમારું એક જ.... જનરેશન-ઝેડવાળાને તો બાળકોની ઝંઝટ જોતી જ નથી એટલે, પહેલાં દરેક વૃદ્ધની દેખરેખ કરવા માટે યુવાન વ્યક્તિ હતી જ, એમ હવે ધીમે ધીમે વૃદ્ધોની સેવા કરવા માટે વૃદ્ધ જ હશે !

શારીરિક પ્રશ્નોના જવાબ, એસઆઇપીની જેમ પહેલેથી રોકાણ કરો અને પછી એન્જોય કરો. તમે ૪૦ વર્ષના થાવ ત્યારથી જ કસરત, પૌષ્ટિક આહાર અને કુટેવોનો ત્યાગ કરો અને તમારાં ભવિષ્યને તંદુરસ્ત બનાવો.

આ ઉંમરે નાણાકીય વ્યવસ્થા પણ એટલી જ મહત્ત્વની છે. બીજા વિકસિત દેશોની જેમ આપણે ત્યાં સોશિયલ સિક્યોરિટી જેવું કંઇ નથી. ત્યાં તમે ટેક્સ ભરો અને ભવિષ્યમાં થનારી બીમારીઓના ખર્ચથી નિશ્ચિત બનો. એટલે પહેલેથી જ એની આગવી જોગવાઇ કરવી જોઇએ.

જ્યારે હોદ્દા ઉપર હોઇએ ત્યારે કોઈની સાથે સરખી વાત પણ ન કરી હોય, બાળકો સાથે બહુમૂલ્ય સમય ન વિતાવ્યો હોય, તમારાં ધર્મપત્ની કે પતિ સાથે પ્રેમથી. આનંદથી વાતો ન કરી હોય અને પછી રિટાયરમેન્ટ વખતે ઓચિંતાનો સમય જ સમય થઈ જાય, ત્યારે એને ક્યાં, કેવી રીતે વાપરવો એ પણ એક મોટો પ્રશ્ન બની જાય. ઘરનાને પણ પોતાની એક આગવી સ્પેસ જોઇતી હોય, જે એમણે વર્ષોથી બનાવી હોય. તમે નિવૃત્ત થઈને એ સ્પેસની બાઉન્ડરીને ખાલીપો પણ આ વખતે વર્તાય છે. એકલતા, ઉદાસીનાં કારણે આ ઉંમરે કંઈ નવું કરવાની ઈચ્છા જ મરી પરવારે છે. જીને કી ખ્વાઈશ હી નહીં હૈ... જેવું થવા માંડે છે. રિટાયરમેન્ટને એન્ડ ઓફ ધ રોડ ન ગણીએ અને મોટા સિક્સ લેન હાઇ - વેની શરૂઆત ગણીએ તો સોસાયટી માટે, કુટુંબ માટે અને રિટાયર વ્યક્તિ માટે પણ આગળની જિંદગી એક ખૂબસુરત ખ્વાબ બની રહે !

શેફાલી ઝરીવાલા, ઉંમર ૪૨ વર્ષ, મૃત્યુ જૂન - ૨૭-૨૦૨૫- મુંબઈમાં. ફિલ્મ અને મોડેલિંગમાં આગળ પડતું નામ હતું, પણ હંમેશાં યુવાન રહેવાનાં ગાંડપણે, એન્ટિએજિંગ ગોળીઓ અને ક્રેશ ડાયટિંગે બહેનનો નાની ઉંમરે ભોગ લીધો. ઈશ્વરે તમને જે સ્થિતિમાં રાખ્યા છે, એને આનંદપૂર્વક સ્વીકારો તો જ તમે પ્રભુના સાચા દાસ છો ! બાકી, નાનપણમાં અઢળક સમય અને શક્તિથી ભરપૂર શરીર હોય, પણ પૈસા ન હોય, યુવાનીમાં અસીમ શક્તિ હોય, પૈસા હોય પણ સમયનો અભાવ હોય...

અને ઘડપણમાં પૈસો હોય, સમય જ સમય હોય, પણ શક્તિ ન હોય!

એનો અર્થ એવો કે આ ત્રણે વસ્તુ એસાથે ક્યારે મળવાની નથી.

પૌષ્ટિક ખોરાક, કસરત, નિયમિત સૂવાનું અને ઊઠવાનું, મિત્રો સાથે સમય વીતાવો, સમાજ ઉપયોગી કાર્યો કરો, લખો, વાંચો, સંગીત, રમતગમત (ઉંમરના તકાજા જોઈને!)માં ભાગ લ્યો. સંગીત, યોગ, મેડિટેશન, લોકોને મદદરૂપ બનો. આટલા વર્ષોના અનુભવોનું ભાથું બીજાને પીરસો. ડોક્ટરોને મિત્રો જેવા રાખો. નાનાં બાળકોના મિત્ર બનો. વાંચવાનું... અને દૂરના મિત્રોને ફોન કરીને યાદ અપાવવાનું કે હું હજુ બરોબર - જીવતો છું !

જીવનની દરેક ક્ષણને ભરપૂર જીવી લ્યો. ૨૪ કલાકમાં અડતાલીસ કલાકનો આનંદ લ્યો, આનંદમાં રહો અને બીજાને પણ આનંદમાં રાખો. હસતા રહો અને બીજાને પણ હસતા રાખો - આને કહેવાય હેપી રિટાયરમેન્ટ...

વિશ્વનો સૌથી સુંદર અભિનય એટલે મનમાં સંઘર્ષ હોવા છતાં પણ ચહેરા ઉપર હાસ્ય રમતું રહે.

## દમણમાં FSSAI દ્વારા લોકપ્રિય બ્રાન્ડ્સના દારૂ પર પ્રતિબંધ મુકાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૦૭ :** દમણમાં શરાબ અને કબાબની મજા માણવા જતાં સહેલાણીઓ માટે મોટા ઝટકા સમાન સમાચાર સામે આવ્યા છે. વિકેન્ડમાં દમણ અને ખાસ કરીને મરવડ, દેવકા, જમ્પોરના દરિયાકિનારે જામતી મહેફિલ હવે થોડી ફીકી પડી શકે છે, કારણ કે શરાબની દુનિયામાં અત્યંત લોકપ્રિય એવી ઓલ્ડ મંક અને મેકડોવેલ્સ જેવી બ્રાન્ડ્સ પર મોટી કાર્યવાહી કરવામાં આવી છે. FSSAI દ્વારા લેવાયેલા કડક પગલામાં આલ્કોહોલિક બેવરેજીસ ઉદ્યોગની ખ્યાતનામ બ્રાન્ડ્સના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. નિયમોના ભંગ અને ગ્રાહકોને ગેરમાર્ગે દોરવાના આરોપસર આ કાર્યવાહી થતા રેગ્યુલર ડ્રિન્કર્સ અને વિશેષરૂપે દમણમાં પોતાની ફેવરિટ રમ કે વ્હિસ્કીની ચુસ્કી લગાવતા શોખીનોએ ભારે નિરાશ થવાની વારો આવશે.

FSSAI ના સત્તાવાર નિવેદન મુજબ કેટલાક ઉત્પાદકો શરાબમાં બહારથી એવા ફ્લેવર ઉમેરતા હતા જે પ્રોડક્ટની કુદરતી સુગંધ અને સ્વાદની આબેહૂબ નકલ કરે છે. ત્યારબાદ તેને સ્ટાન્ડર્ડ -ોડક્ટ તરીકે વેચીને ગ્રાહકોને છેતરવામાં આવતા હતા. વિવિધ ઉત્પાદકોની રમ અને વ્હિસ્કી બ્રાન્ડ્સના સેમ્પલ ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યા હતાં. જેમાં લેબોરેટરીઝે આ પ્રોડક્ટ્સમાં કૃત્રિમ ફ્લેવરની હાજરીને કારણે તેને સબ-સ્ટાન્ડર્ડ જાહેર કરી છે. નિયમો મુજબ આલ્કોહોલિક પીણાંમાં માત્ર માન્ય ફ્લેવરિંગ પદાર્થોના ઉપયોગની જ પરવાનગી છે. પરંતુ અહીં મોટી ગેરરીતિ પકડાઈ છે.

પ્રતિબંધિત પીણાંઓની યાદીમાં અનેક જાણીતા નામ સામેલ છે. જેમાં મોહન રોકી સ્પ્રિંગવોટરના ખોપોલી યુનિટની ઓલ્ડ મંક રમની ૩ વેરાયટી ધ લિજેન્ડ, ગોલ્ડ રિઝર્વ અને (ટ્રિપલ એક્સ) મેચ્યોર્ડ રમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત યુનાઈટેડ સ્પિરિટ્સ બારામતીની મેકડોવેલ્સ, મધ્યપ્રદેશ સ્થિત ઈનબ્રુ બેવરેજીસની બેગપાઈપર ડીલક્સ વ્હિસ્કી અને ઓલ્ડ કાસ્ક ડીલક્સ (ટ્રિપલ એક્સ) રમ પર પણ ગાજ પડી છે. મધ્યપ્રદેશની એસોસિએટેડ આલ્કોહોલ એન્ડ બ્રુઅરીઝની સેન્ટ્રલ પ્રોવિન્સ વ્હિસ્કી અને મેકડોવેલ્સ ફં ૧ સેલિબ્રેશન મેચ્યોર્ડ (ટ્રિપલ એક્સ)રમ તથા યુનાઈટેડ સ્પિરિટ્સ મધ્યપ્રદેશની એન્ટિક્વિટી બ્લુ વ્હિસ્કી અને રોયલ ચેલેન્જ વ્હિસ્કીનું વેચાણ પણ તાત્કાલિક અસરથી અટકાવી દેવામાં આવ્યું છે.

ખાસ કરીને ઓલ્ડ મંક (ટ્રિપલ એક્સ) રમ વેરાયટી પર સેવન યર્સ ઓલ્ડ બ્લેન્ડેડના દાવાને પણ ઓથોરિટી દ્વારા ગેરમાર્ગે દોરનાર ગણાવવામાં આવ્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ રમના મુખ્ય ઘટકમાં અનમેચ્યોર્ડ સ્પિરિટનો ઉપયોગ થયો છે જ્યારે મેચ્યોર્ડ રમ સ્પિરિટ માત્ર ૫ ટકાથી પણ ઓછું છે. FSSAIની ૨૦૧૮ની માર્ગદર્શિકા મુજબ સ્પિરિટની ઉંમરનો દાવો બ્લેન્ડમાં રહેલા સૌથી યુવા સ્પિરિટના આધારે થવો જોઈએ. જેથી આ સ્પષ્ટપણે વર્તમાન નિયમોનું સીધું ઉલ્લંઘન છે. દમણમાં દારૂની છૂટ હોવાથી અહીંના પર્યટનને આ પ્રતિબંધની વ્યાપક અસર થશે. અને હવે સહેલાણીઓએ પોતાની મનપસંદ બ્રાન્ડને બદલે બીજી બ્રાન્ડ ચાખવી પડશે જેનાથી આગામી વિકેન્ડની મહેફિલનો રંગ જરૂરથી ફિક્કો પડશે.


દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા
માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com


## ઉમરગામ પોલીસે ચોરાયેલા મોબાઈલ શોધી પરત આપ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૭ :** ઉમરગામ પોલીસ સ્ટેશન દ્વારા ગુમ થયેલા અને ચોરાયેલા મોબાઈલ ફોન શોધવા માટે ટેકનિકલ અને સાયબર વિભાગની મદદથી હાથ ધરાયેલી કાર્યવાહીમાં નોંધપાત્ર સફળતા મળી છે. ટેકનિકલ વિશ્લેષણના આધારે પોલીસે કુલ ૩૨ મોબાઈલ ફોન શોધી કાઢી તેમના મૂળ માલિકોને તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત પરત સુપ્રત કર્યા, જેના કારણે મોબાઈલધારકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે પોલીસ ઈન્સ્પેક્ટર એચ.ડી. તુવરએ જણાવ્યું હતું કે કોઈપણ નાગરિકનો મોબાઈલ ફોન ગુમ થાય અથવા ચોરી થાય તો e-FIR પોર્ટલ મારફતે ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકાય છે અથવા નજીકના પોલીસ સ્ટેશન કે પોલીસ ચોકી ખાતે અરજી આપી શકાય છે. ફરિયાદ મળ્યા બાદ પોલીસ ટેકનિકલ સોર્સની મદદથી મોબાઈલ શોધવાની કાર્યવાહી શરૂ કરે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર એચ.ડી. તુવરે સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ લાવતા જણાવ્યું હતું કે વીડિયો કોલ દ્વારા ખોટી ઓળખ આપી ધમકાવી રૂપિયા પડાવવાના બનાવોમાં ગભરાવાની જરૂર નથી અને આવા કિસ્સામાં તાત્કાલિક નજીકના




પોલીસ મથકે ફરિયાદ કરવી જોઈએ. તેમણે માદક દ્રવ્યોના સેવન સામે સમાજના આગેવાનો અને જન-તિનિધિઓએ પણ પોલીસને સહકાર આપવા અપીલ કરી હતી.

આ ઉપરાંત, પી.એસ.આઈ. આર.એસ. ચૌધરીએ નાગરિકોને પોતાના બેન્ક એકાઉન્ટ કોઈને પણ ભાડે ન આપવા, ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરવા તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિ અંગે કોઈ માહિતી મળે તો પોલીસને તાત્કાલિક જાણ કરવાની અપીલ કરી હતી.

અંતમાં પોલીસ ઈન્સ્પેક્ટર એચ.ડી. તુવરે જણાવ્યું હતું કે ઉમરગામ પોલીસ કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ -જા અને પોલીસ વચ્ચે વિશ્વાસનો સેતુ મજબૂત બનાવવા સતત કામગીરી કરી રહી છે અને કાયદાનો ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## પશ્ચિમ રેલ્વે ગણપતિ મહોત્સવ માટે ખાસ ટ્રેનો ચલાવશે

| ટ્રેન નં. | પ્રારંભ અને ગંતવ્ય સ્ટેશન | સેવાના દિવસો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૧૧૪ | વડોદરા - રત્નાગીરી (સાપ્તાહિક) | ૧૫.૦૯.૨૦૨૬ | ૧૧:૧૫ કલાકે (મંગળવાર) | ૦૦:૩૦ કલાકે (બીજા દિવસે) |
| ૦૯૧૧૩ | રત્નાગીરી - વડોદરા (સાપ્તાહિક) | ૧૬.૦૯.૨૦૨૬ | ૦૧:૩૦ કલાકે (બુધવાર) | ૧૭:૩૦ કલાકે (એજ દિવસે) |
| રોકાણો : ભરૂચ, સુરત, વલસાડ, વાપી, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેણ, રોહા, માનગાંવ, વીર, કરંજડી, ખેડ, ચિપલુણ, સાવરદા, અરવલી રોડ અને સંગમેશ્વર રોડ સ્ટેશન બંને દિશામાં. | | | | |
| સંરચના : ફર્સ્ટ એસી, એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, એસી ૩-ટાયર ઇકોનોમી, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચો | | | | |
| ૦૯૧૧૦ | વિશ્વામિત્રી - રત્નાગીરી (સાપ્તાહિક) | ૧૨.૦૯.૨૦૨૬ થી ૨૩.૦૯.૨૦૨૬ | ૧૦:૦૦ કલાકે (બુધ અને શનિ) | ૦૦:૩૦ કલાકે (બીજા દિવસે) |
| ૦૯૧૦૯ | રત્નાગીરી - વિશ્વામિત્રી (સાપ્તાહિક) | ૧૩.૦૯.૨૦૨૬ થી ૨૪.૦૯.૨૦૨૬ | ૦૧:૩૦ કલાકે (ગુરુ અને રવિ) | ૧૭:૩૦ કલાકે (એજ દિવસે) |
| રોકાણો : ભરૂચ, સુરત, વલસાડ, વાપી, દહાણુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેણ, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલુણ, સાવરદા, અરવલી રોડ અને સંગમેશ્વર રોડ સ્ટેશનો બંને દિશામાં. | | | | |
| સંરચના : એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચો. | | | | |
| ૦૯૧૨૪ | વિશ્વામિત્રી - રત્નાગીરી (સાપ્તાહિક) | ૧૪.૦૯.૨૦૨૬ અને ૨૧.૦૯.૨૦૨૬ | ૦૫:૫૫ કલાકે (સોમવાર) | ૨૦:૦૦ કલાકે (એજ દિવસે) |
| ૦૯૧૨૩ | રત્નાગીરી - વિશ્વામિત્રી (સાપ્તાહિક) | ૧૪.૦૯.૨૦૨૬ અને ૨૧.૦૯.૨૦૨૬ | ૨૧:૦૦ કલાકે (સોમવાર) | ૧૧:૪૫ કલાકે (બીજા દિવસે) |
| રોકાણો : ભરૂચ, સુરત, વલસાડ, વાપી, દહાણુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેણ, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલુણ અને સંગમેશ્વર રોડ સ્ટેશન બંને દિશામાં. | | | | |
| સંરચના : એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચો. | | | | |
| ૦૯૦૨૨ | ઉધના - રત્નાગીરી (સાપ્તાહિક) | ૧૭.૦૯.૨૦૨૬ અને ૨૪.૦૯.૨૦૨૬ | ૦૮:૦૫ કલાકે (ગુરુવાર) | ૨૦:૦૦ કલાકે (એજ દિવસે) |
| ૦૯૦૨૧ | રત્નાગીરી - ઉધના (સાપ્તાહિક) | ૧૭.૦૯.૨૦૨૬ અને ૨૪.૦૯.૨૦૨૬ | ૨૧:૦૦ કલાકે (ગુરુવાર) | ૧૦:૨૦ કલાકે (બીજા દિવસે) |
| રોકાણો : વલસાડ, વાપી, દહાણુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલુન અને સંગમેશ્વર રોડ સ્ટેશન બંને દિશામાં. | | | | |
| સંરચના : એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચો. | | | | |
| ૦૯૦૩૦ | વલસાડ - રત્નાગીરી (સાપ્તાહિક) | ૧૪.૦૯.૨૦૨૬ | ૧૪:૫૦ કલાકે (સોમવાર) | ૦૨:૩૦ કલાકે (બીજા દિવસે) |
| ૦૯૦૨૯ | રત્નાગીરી - વલસાડ (સાપ્તાહિક) | ૧૫.૦૯.૨૦૨૬ | ૦૩:૧૦ કલાકે (મંગળવાર) | ૧૬:૧૫ કલાકે (એજ દિવસે) |
| રોકાણો : વાપી, દહાણુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલુન, સાવરદા, અરવલી રોડ અને સંગમેશ્વર રોડ સ્ટેશન બંને દિશામાં. | | | | |
| સંરચના : એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચો. | | | | |

સમય,રોકાણો અને કમ્પોઝિશન સબંધિત વિસ્તૃત માહિતી માટે, યાત્રીઓ કૃપા કરી www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા વિનંતી.

ટ્રેન નં. ૦૯૧૧૪, ૦૯૧૧૦, ૦૯૧૨૪, ૦૯૦૨૨ અને ૦૯૦૩૦નું બુકિંગ ૦૯.૦૮.૨૦૨૬ના રોજ તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલ્લુ રહેશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડે સ્પેશિયલ ટ્રેનોરૂપે દોડાવવામાં આવશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષિત ટિકિટો માટે કૃપા કરી તમારું અસલ ઓળખપત્ર સાથે રાખો

### CHANGE OF NAME

I am Declaring that
I have changed My old Name
DOLVI
RAJAK
To New Name
RAJAK
DOLVI BINOD
and I will Now be known
by my New Name Only

Add.: Flat No.-E-401, Aashiana Hsg, Complex, Sub Jail Rd, Ultan Falia, Opp. Primary School, Silvassa, D.&N.H.

### PUBLIC NOTICE
### LOSS OF INDIAN PASSPORT

Notice is hereby given to the general public that Mrs. Pratibha Sangamsinh Solanki, aged about 38 years, residing at 17, Sanidhya, Gurukrupa Park, Near District Court, Tokarkhada, Silvassa- 396230, U.T. of Dadra & Nagar Haveli and Daman & Diu, has lost her original Indian Passport on 15 April 2026 while travelling from her residence at Gurukrupa Park, Tokarkhada to the vicinity of Patel Petrol Pump / HDFC Bank, Silvassa.

The details of the lost passport are as follows:"Document Type: Indian Passport
Passport Number : X7075529
Issuing Authority: Passport Office, Mumbai, Maharashtra
Date of Loss: 15/04/2026

A police complaint regarding the loss has been registered at Silvassa Police Station on 05/08/2026.

If any person finds the above-mentioned passport or has any information regarding its whereabouts, they are requested to kindly return it to the undersigned or inform the Silvassa Police Station immediately. Any misuse of the said passport shall be illegal and liable for strict legal action.

Place : Silvassa
Date : 06/08/2026

Sd/-
Mrs. Pratibha Sangamsinh Solanki
Silvassa, U.T. of Dadra & Nagar Haveli and Daman & Diu

No.MAM/SIL/RTS/RBD-DNH/126/Birth/2026/3696 Dated:13/7/2026

APPLICANT - Vijaykumar Jaiswal,
Presently residing at- Masat, DNH.
Mo. 7874506658
V/S
OPPONENTS - The Registrar of Births & Deaths, Silvassa Municipal Council.

NOTICE

The public to take note that the above, named applicant Vijaykumar Jaiswal's daughter, namely Saloni Jaiswal, who was born on 27/03/2008 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Council. Hence, the applicant has moved on application to pass an order to register birth of Saloni Jaiswal. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-I

### જાહેર નોટીસ
**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

જન્મ-મરણ કેસ નં.૧૪૫/૨૦૨૬

અરજદાર : જાનાભાઈ ડુબુલભાઈ વાઘાત
ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ડુબુલભાઈ રૂપજીભાઈ વાઘાતનું** મરણ તા.૦૧/૦૩/૧૯૭૧ના રોજ મોજે ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત ઓઝરડાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત ઓઝરડાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી ઓઝરડા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૨૩/૨૦૨૬

અરજદાર : શ્રી રમિલાબેન ગોપજિભાઈ આંધેર
ઉ.આ.વ.૩૭, ધંધો - ખેતી, રહે. અંબાતપાડા, અંકલાસ
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. એમ.આર. પટેલ)
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી અંકલાસ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રમિલાબેન ગોપજિભાઈ આંધેર** રહે. અંબાતપાડા, અંકલાસ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **સોમલીબેન ગોપજીભાઈ આંધેરનો** મરણ તા.૦૭-૦૩-૧૯૮૨ના રોજ મોજે - અંકલાસ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૧૬૩/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

No.MAM/SIL/RTS/RBD-DNH/101/Birth/2026/3700 Dated:13/7/2026

APPLICANT - Manoj Paramchand Roy,
Presently residing at- 01, Bavisa Faliya, Shiv flour mill, Amli, DNH.
Mo 7819832329
V/S
OPPONENTS- The Registrar of Births & Deaths, Silvassa Municipal Council.

NOTICE

The public to take note that the above, named applicant Manoj Paramchand Roy's daughter, namely Vandana Kumari, who was born on 03/11/2007 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Council. Hence, the applicant has moved on application to pass an order to register birth of Vandana Kumari. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-I

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨) જ.મ.પ.અ.નં.૧૯૫/૨૦૨૬

અરજદાર : શ્રી અશોકભાઈ લક્ષ્મીભાઈ કરમોડા
ઉ.આ.વ.૪૬, ધંધો - ખેતી, રહે. ૧૯૬૨, કરમોડા ફળિયા, માલખેત, ખત્તલવાડા
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. એમ.આર. પટેલ)
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી ખત્તલવાડા
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અશોકભાઈ લક્ષ્મીભાઈ કરમોડા** રહે. ૧૯૬૨, કરમોડા, ફળિયા, માલખેત, ખત્તલવાડા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **દેવલુબેન લક્ષ્મીભાઈ કરમોડાનું** મરણ તા.૧૬-૧૨-૨૦૦૨ના રોજ મોજે - ખત્તલવાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૧૯૫/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૦૭/૨૦૨૬

અરજદાર : ચિંતુભાઈ સોમાભાઈ વારલી
રહે. નાની દહાડ, સોળસુંબા
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. રૂપલ સી. બારીયા)
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, આહુ
ગ્રામ પંચાયત કચેરી આહુ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ચિંતુભાઈ સોમાભાઈ વારલી** રહે. નાની દહાડ, સોળસુંબા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતાનું મરણ તા.૨૦-૦૪-૧૯૮૬ના રોજ મોજે - આહુ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી/મરણ/ર.જી.નં.૧૦૭/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૬૩૪/૨૦૨૬

અરજદાર : રેવાબેન સોમાભાઈ પટેલ,
રહે. પીપડા ફળિયા, બલવાડા,તા.ચીખલી, જી.નવસારી,
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, વાઘલધરા, તા.જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રેવાબેન સોમાભાઈ પટેલ,** રહે.પીપડા ફળિયા, બલવાડા, તા.ચીખલી, જી.નવસારીએ તેમના માતા **લાડુબેન સોમાભાઈ પટેલનું** મરણ તા.૦૧-૦૯-૧૯૯૧ના રોજ મોજે. વાઘલધરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૦૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એડીએમ/મરણ/રજી.નં.૧૬૩૪/૨૦૨૬
મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,
નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

### જાહેર નોટીસ
**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

જન્મ-મરણ કેસ નં.૯૪/૨૦૨૬

અરજદાર : ભરતભાઈ છીબુભાઈ નાયકા
અંભેટી, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, અંભેટી, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **છીબુભાઈ મરીયાભાઈ નાયકાનું** મરણ તા.૧૩/૦૫/૧૯૯૪ના રોજ મોજે અંભેટી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત અંભેટીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત અંભેટીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી અંભેટી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ


ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361








દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઇ સાથે રૂ.5000/-
Raymond dinesh Siyaram's DONEAR DIGJAM NIRVAN ICON Kriplon
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई

TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200




Saturday 08, August 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

## સેલવાસમાં બાથરૂમમાંથી નવજાત બાળકીનો મૃતદેહ મળતાં ચકચાર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૭ :** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીના સિલવાસા શહેરના વાવીશા ફળિયા, વોર્ડ નં. ૪ સ્થિત ઈપ્કા કોલોનીમાં એક નવજાત બાળકીનો મૃતદેહ મકાનના બાથરૂમમાંથી મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ સિલવાસા પોલીસ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, આ ઘટના રમાકાંત યાદવની ચાલમાં બની હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિક લોકોએ બાથરૂમમાં નવજાત બાળકી મૃત હાલતમાં જોવા મળતાં પોલીસને જાણ કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, પોલીસને ગુરુવારે સાંજે ૬ થી ૭ વાગ્યાની વચ્ચે ઘટનાની માહિતી મળી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર મૃત બાળકીની ઉંમર આશરે એકથી બે દિવસ હોવાનું માનવામાં આવી રહ્યું છે. જોકે, પોલીસ દ્વારા હજુ સુધી તેની ઉંમર અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

પોલીસે સ્થળનું પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. પ્રાથમિક તપાસમાં મોતનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી અને સમગ્ર મામલે તમામ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

તપાસના ભાગરૂપે પોલીસ આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહી છે, ઘટનાસ્થળેથી પુરાવા એકત્રિત કરી રહી છે તેમજ સ્થાનિક લોકોના નિવેદનો નોંધવામાં આવી રહ્યા છે, જેથી ઘટનાની હકીકત બહાર આવી શકે.

પોલીસે હાલમાં કોઈપણ સંભાવનાને લઈને સત્તાવાર નિવેદન આપ્યું નથી. અધિકારીઓનું કહેવું છે કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તપાસ પૂર્ણ થયા બાદ જ બાળકીના મોતનું સાચું કારણ સ્પષ્ટ થઈ શકશે.

## તિથલમાં બંધ મકાનનું તાળુ તોડી રૂા. 3.3૫ લાખની મત્તાની ચોરી

### પ્રથમ પાંચ દુકાનોના તાળા તૂટયાની ઘટના બાદ ૨૪ કલાકમાં બીજી ઘટના બનતાં ફફડાટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ શહેરના તીથલ રોડ પર આવેલી પૂજા અભિષેક બિલ્ડીંગમાં બપોરના સમયે તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરો બેડરૂમમાં મૂકેલા કબાટના લોકરમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી રૂ. ૩,૩૫,૦૦૦ ની મત્તા ચોરીને ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ છે. વલસાડ શહેરના નાના ખત્રીવાડમાં આવેલ મિતુલ ચેમ્બર માં પાંચ દુકાનોના તાળા તૂટવાની ઘટના બની હતી. જોકે દુકાનના તાળા તૂટવાની ઘટના બનતા અન્ય દુકાનદારો માં ફફડા ફેલાઈ ગયો હતો. ત્યારે બીજા દિવસે વલસાડ શહેરના તિથલ રોડ પર આવેલ પૂજા અભિષેક બિલ્ડીંગના ફ્લેટ નંબર ૧૦૮ એમાં બીનાબેન વિજયભાઈ પટેલ પોતાના નાના બેન લતાબેન સાથે રહે છે તા. ૦૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બપોરે ૦૧:૧૫ થી ૦૪:૧૫ વાગ્યાના સમયગાળા દરમિયાન જ્યારે ઘર બંધ હતું, ત્યારે કોઈ અજાણ્યા તસ્કરે મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશી કબાટના લોકરમાં મૂકેલા સોના નું મંગળસૂત્ર સોનાની ચેન સોનાની બુટ્ટી વીંટી પેન્ડલ બ્રેસલેટ કિંમત રૂપિયા ૨.૯૫ લાખ તથા ચાંદી ની સાંકડા અને સિક્કા તેમજ રોકડા રૂપિયા ૪૦,૦૦૦ મળી કુલ ૩.૩૫ લાખની માતાની ચોરી થવાની ઘટના બનતા બીનાબેન વિજયભાઈ પટેલે વલસાડ સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## વાપીમાં પાણીની લાઈન લીકેજ થતાં સારો રોડ ખોદી નાંખવો પડયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વાપી, તા. ૦૭ :** વાપી મહાનગર પાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ પણ 'રોડ બનાવો પછી ખોદો'ની જૂની પરંપરા યથાવત રહી છે. વાપી ટાઉનમાં હનુમાન મંદિર સર્કલથી જનસેવા હોસ્પિટલ થઈ કચીગામ તરફ જતા લાખો રૂપિયાના ખર્ચે નવનિર્માણ પામેલા રોડને માત્ર એક વર્ષમાં જ ખોદી નાખવામાં આવ્યો છે. ભૈરવધામ મંદિર સામે પાણીની મુખ્ય લાઇન લીકેજ થતાં તંત્ર દ્વારા આ ટનાટન રોડ તોડી પાણીની લાઈન રિપેર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. થોડા સમય પહેલા જ બનેલા આ રોડ પર હવે પહેલાં જેવો સ્થાપિત ન કરાય તો વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડશે.

સ્થાનિક લોકોની ફરિયાદ છે કે વર્ષોથી ચાલી આવતી આ પ્રથા મનપા બન્યા બાદ પણ બંધ થઈ નથી. પહેલા રોડ બનાવવામાં આવે અને પછી પાણી, ગટર કે અન્ય લાઈનના કામ માટે તેને તોડી નાખવામાં આવે છે. જેના કારણે સરકારના લાખો રૂપિયા પાણીમાં જાય છે અને લોકોને પણ અગવડ પડે છે.વાપી મહાનગર પાલિકાની પ્રથમ ચૂંટાયેલી બોડી સત્તા પર આવી છે ત્યારે લોકોનું માનવું છે કે હવે આ પ્રકારની બેદરકારી બંધ થવી જોઈએ. રોડ બનાવતા પહેલા તમામ લાઈનના કામ પૂર્ણ કરીને જ રોડ બનાવવો જોઈએ તેવી માંગ ઉઠી છે. આ અંગે તંત્ર દ્વારા હાલ લીકેજ રિપેરનું કામ પૂર્ણ કરી રોડ રિસ્ટોર કરવાની ખાતરી આપવામાં આવી છે.

## દમણમાં અદાણી ગેસ નામની એપીકે ફાઈલ ફરતી થઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૭ :** પોલીસ અધિક્ષક કેતન બંસલે નાગરિકોને અદાણી ગેસ અને અન્ય કંપનીઓના નામે થતી સાયબર છેતરપિંડી સામે સતર્ક રહેવા વિનંતી કરી છે. તેમણે કહ્યું કે સાયબર છેતરપિંડી કરનારાઓ વોટ્સએપ અને એસએમએસનો ઉપયોગ કરીને વપરાશકર્તાઓને APK ફાઈલો ડાઉનલોડ કરવા માટે ફસાવે છે, અને દાવો કરે છે કે તેમની પાસે ગેસ બિલ બાકી છે અથવા કનેક્શન ડિસ્કનેક્ટ થઈ ગયા છે. એકવાર આ ફાઈલો મોબાઈલ ફોન પર ઈન્સ્ટોલ થઈ જાય, પછી છેતરપિંડી કરનારાઓ OTP, બેંકિંગ માહિતી અને અન્ય સંવેદનશીલ ડેટા ઍક્સેસ કરી શકે છે. એસપી બંસલે લોકોને કોઈપણ અજાણી લિંક્સ અથવા APK ફાઈલો ડાઉનલોડ ન કરવા અને ફક્ત ગૂગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોર પરથી જ મોબાઈલ એપ્સ ઈન્સ્ટોલ કરવા વિનંતી કરી. જો કોઈ વ્યક્તિ ભૂલથી શંકાસ્પદ એપ ડાઉનલોડ કરે અથવા બેંકની માહિતી શેર કરે, તો તાત્કાલિક ઈન્ટરનેટ ડિસ્કનેક્ટ કરો, એપ ડિલીટ કરો, બેંકનો સંપર્ક કરો અને રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઈન, ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવો. તેમણે કહ્યું કે સાયબર ગુના અટકાવવા માટે તકેદારી એ સૌથી અસરકારક રીત છે.

## વાંસદામાં શ્રમજીવી મહિલાને રાષ્ટ્રપતિનું આમંત્રણ મળ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૦૭ :** ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર દિને દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનના કાર્યક્રમમાં હાજરી આપશે નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના પ્રતાપનગર ગામની સરોજબેન પટેલને ૧૫ ઓગસ્ટે નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં યોજાનારા સમારોહમાં હાજરી આપવા માટે રાષ્ટ્રપતિ તરફથી વિશેષ આમંત્રણ મળ્યું છે. આમંત્રણ નવસારી પોસ્ટ વિભાગના પોસ્ટમેન ઈશ્વરભાઈ દ્વારા સરોજબેનને સોંપવામાં પ્રતાપનગર વાંસદાનું અંતરિયાળ ગામ છે. સરોજબેન દશરથભાઈ પટેલ મોટાહથિયામાં રહે છે અને ખેતમજુરી કરીને જીવનનિર્વાહ કરે છે. પરિવારના જણાવ્યા મુજબ આમંત્રણ મળ્યા બાદ ઘરમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

૧૫ ઓગસ્ટના સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાનારા કાર્યક્રમમાં સરોજબેન હાજર રહેશે. સ્થાનિક સ્તરે આ આમંત્રણને વાંસદા તાલુકા અને નવસારી જિલ્લા માટે મહત્વની ઘટના તરીકે જોવામાં આવી રહી છે. મારા જીવનનો અનમોલ લ્હાવો નથી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં યોજાનારા સમારોહમાં હાજરી આપવા માટે ભારતના રાષ્ટ્રપતિ તરફથી આમંત્રણ મળવું એ ખૂબ જ ગૌરવ અને સન્માનની વાત છે, કારણકે હું અંતરિયાળ વિસ્તારમાં ખેતમજુરી કરનાર છું અને હું રાષ્ટ્રપતિ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્ગુ સમક્ષ બેસવાનો લાહવો મારા જીવન માટે અનમોલ રહેશે.

## શ્રદ્ધાંજલિ



### સ્વ. બાબુભાઈ પરસોત્તમભાઈ પટેલ

**જન્મ તા. : ૦૧-૦૬-૧૯૫૬ નિધન. તા. : ૩૧-૦૭-૨૦૨૬**
**સંવત ૨૦૮૨ના અષાઢ વદ બીજને શુક્રવાર**

: તેમણે નિભાવેલા અલગ અલગ હોદ્દાઓ અને સેવાઓ :

● ગુજરાત રાજ્ય કબડ્ડી રેફરી બોર્ડ - ચેરમેન : (૧૯૮૫ થી ૨૦૨૩) ● ગુજરાત રાજ્ય કબડ્ડી એસોસિએશન - જનરલ સેક્રેટરી : (૨૦૨૩ થી ૨૦૨૬) ● પ્રો કબડ્ડી અને ઈન્ટરનેશનલ અમ્પાયર તરીકે પણ સેવા આપી ચૂકયા હતા ● બીગરી પોંસરી વિભાગ વિવિધ કાર્યકારી સહકારી મંડળી - ૧૯૯૨ થી ૩૧.૦૭.૨૦૨૬ સુધી અલગ અલગ હોદ્દાઓ પર કાર્યરત રહ્યા. ● કાવેરી વિભાગ કેળવણી મંડળ બી.સી.જે. સાર્વજનિક હાઈસ્કૂલ, બીગરી - ૧૯૮૫ થી ૩૧.૦૭.૨૦૨૬ સુધી અલગ અલગ જવાબદારીઓ માટે ખડે પગે રહ્યા. ●ગણદેવી તાલુકા ખેડૂત સહકારી સંઘ - ડિરેક્ટર : (૧૯૯૫ થી ૨૦૧૨) અને માનદમંત્રી : (૨૦૧૨ થી ૨૦૨૪)

તેમની કાર્યનિષ્ઠા, દ્રઢનેતૃત્વ, ઉચ્ચ જીવનમૂલ્યો, સરળતા, અને સૌહાર્દપૂર્ણ સ્વભાવ, સૌ માટે પ્રેરણારૂપ રહેશે. તેમનું માર્ગદર્શન, સ્નેહ અને આશિર્વાદ અમારી સ્મૃતિમાં સદાય અવિસ્મરણીય રહેશે.

**પરિવારજનો અને સ્નેહીજનો તરફથી શ્રદ્ધાંજલિ અર્પિત કરવાનું આયોજન કરેલું છે તારીખ ૦૮-૦૮-૨૦૨૬, શનિવાર. સમય સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૫:૦૦ કલાક સુધી સ્થળ : એમના નિવાસ સ્થાને, બીગરી - વાડી ફળિયા.**

**પરિવારના સ્વજનો**


**ગં.સ્વ. પુષ્પાબેન બાબુભાઈ પટેલ (પત્ની)**

| | |
|---|---|
| જીગર બાબુભાઈ પટેલ (પુત્ર) | મનન બાબુભાઈ પટેલ (પુત્ર) |
| રમેશભાઈ પરસોત્તમભાઈ પટેલ (ભાઈ) | છબીલભાઈ પરસોત્તમભાઈ પટેલ (ભાઈ) |
| ચંદ્રકાન્ત લલ્લુભાઈ પટેલ (ભાઈ) | તેમજ સમસ્ત પરિવાર.... |

ELECTRIFICATION OF VEHICLES REMAINS THE DEMAND CATALYST FOR THE WIRE HARNESS MARKET

Designers and manufacturers of critical wiring harnesses, electric sensors and controllers, connectors and other electronic systems






- One of India's leading electrical and electronics ("E&E") companies (Source: CRISIL Report).
- Design, engineer, manufacture and supply critical wiring harnesses that integrate electronic sensors and controllers, switches, terminals, connectors, junction boxes, high-voltage interconnection systems and data cables, delivering application-specific architectures across platforms (Source: CRISIL Report).
- Serves both automotive and non-automotive applications, in line with the industry's shift in powertrain.
- Products also include battery packs, switches, sensors, controllers and power supply cords.
- As on March 31, 2026, had 22 operational manufacturing facilities, 3 engineering and design support centers and 7 warehouses across India and globally.

DHOOT TRANSMISSION
Harnessing Safety, Electrifying The Future
Dhoot Transmission Limited
www.dhoottransmission.com

**DHOOT TRANSMISSION LIMITED**, is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP dated August 3,2026 with the RoC. The RHP and Abridged Prospectus shall be available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.dhoottransmission.com and on the websites of the BRLMs, i.e. Axis Capital Limited, Jefferies India Private Limited, Kotak Mahindra Capital Company Limited, Nomura Financial Advisory and Securities (India) Private Limited, SBI Capital Markets Limited and 360 ONE WAM Limited at www.axiscapital.co.in, www.jefferies.com, https://investmentbank.kotak.com, www.nomuraholdings.com/company/group/ asia/india/index.html, www.sbicaps.com and www.360.one, respectively. Any potential Bidders should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "***Risk Factors***" on page 24 of the RHP. Potential Bidders should not rely on the UDRHP-I filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on the RHP, when filed, for making an investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (a) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act and referred to in the RHP as "**U.S. QIBs**"; for the avoidance of doubt, the term "**U.S. QIBs**" does not refer to a category of institutional investor defined under applicable Indian regulations and referred to in the RHP as "QIBs") in transactions exempt from, or not subject to, the registration requirements of the U.S. Securities Act; and (b) outside of the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act ("**Regulation S**") and the applicable laws of the jurisdiction where those offers and sales are made.
It is to be distinctly understood that the permission given by Stock Exchanges should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by Stock Exchanges nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to the Offer Document for the full text of the Disclaimer Clause of NSE and BSE Limited.

Adfactors 230/26 A




Molbio is an innovative point-of-care diagnostics company focused on expanding access to accurate, rapid and cost-effective healthcare technologies to diagnose infectious and non-infectious diseases.

The company has strong in-house R&D capabilities with 153 permanent employees, including 136 scientists and a proven track record of developing innovative diagnostic products.

Molbio's flagship innovation, Truenat®, is a novel portable multi-disease diagnostic platform patented in over 100 countries. As of March 31, 2025, it can diagnose 30 diseases.

Truenat® is one of only two rapid molecular tests in the world endorsed by the WHO for the initial diagnosis of tuberculosis (TB) and the detection of rifampicin resistance detection using molecular diagnostic technology. (Source: 1Lattice Report)

Molbio's product portfolio also includes solutions for radiology, digital pathology, and breast health screening through its subsidiaries, Prognosys Medical Systems Private Limited and OptraScan, as well as its collaboration partner, UE Lifesciences.

Molbio's products are offered globally across public health programs, diagnostic laboratories, and both private and public hospitals.

molbio®
INNOVATE • IMPACT • INSPIRE
Molbio Diagnostics Limited
molbiodiagnostics.com

**MOLBIO DIAGNOSTICS LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the RHP dated August 3, 2026 with RoC and the Stock Exchanges. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.molbiodiagnostics.com and the websites of the Kotak Mahindra Capital Company Limited, IIFL Capital Services Limited (formerly known as IIFL Securities Limited), Jefferies India Private Limited and Motilal Oswal Investment Advisors Limited at https://investmentbank.kotak.com, www.iiflcapital.com, www.jefferies.com and www.motilaloswal.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *"Risk Factors"* beginning on page 28 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges, and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision. This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the **"U.S. Securities Act"**) or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in "offshore transactions" as defined in and in reliance on, Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**